dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 85 | AD - 2024, Magashirsha Vad- 13 | Saturday, Dt.28-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ડો. મનમોહન સિંહના નિઃસ્વાર્થ યોગદાનને યાદ કર્યું

# વિશ્વભરમાંથી મનમોહન સિંહને ભાવભીની શ્રધ્ધાંજલિ

નવીદિલ્હી,તા.૨૭

ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે ગુરુવારે ૯૨ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું હતું. તેમના નિધનના સમાચારથી સમગ્ર દેશમાં શોકની લહેર છવાઈ ગઈ છે. વિશ્વભરના ઘણા નેતાઓએ પૂર્વ પીએમના નિધન પર શ્રદ્ધાંજલિ આપીને શોક વ્યક્ત કર્યો છે. માલદીવ અને અફઘાનિસ્તાન સહિતના પડોશી દેશોના નેતાઓએ તેમના યોગદાન અને તેમના દેશો સાથે સારા સંબંધો બનાવવા પર પ્રકાશ પાડ્યો છે. તો ચાલો જાણીએ કોણે શું કહ્યું. અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ એક પોસ્ટમાં કહ્યું કે ભારતે તેના સૌથી પ્રતિષ્ઠિત પુત્રોમાંથી એક ગુમાવ્યો છે. માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે પણ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ડૉ. મનમોહન સિંહ માલદીવના માયાળુ વાલી અને સારા મિત્ર હતા. આ સાથે ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે પણ પૂર્વ પીએમ મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ડૉ. મનમોહન સિંહનું નિધન ભારત અને રશિયા માટે ખૂબ જ દુઃખદ છે. તેમણે કહ્યું કે ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં ડૉ. સિંઘનું યોગદાન અતુલ્ય છે. તેમના સૌમ્ય વર્તન અને અર્થશાસ્ત્રી તરીકે તેમની કુશળતાની હંમેશા પ્રશંસા કરવામાં આવી હતી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ તેમના પુસ્તકમાં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના વખાણ કર્યા છે. તેમણે લખ્યું કે મનમોહન સિંહ એવા નેતા છે કે જ્યારે તેઓ બોલે છે ત્યારે આખી દુનિયા સાંભળે છે. અમેરિકન રાજદ્વારી અને યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલના પ્રમુખ અતુલ કેશપે ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. ભૂતપૂર્વ વડાપ્રધાનને શ્રદ્ધાંજલિ આપતા, કેશપે ભારત અને



યુએસ વચ્ચેના આધુનિક દ્વિપક્ષીય સંબંધોના શિલ્પકાર તરીકે તેમની પ્રશંસા કરી. પૂર્વ પીએમ મનમોહન સિંહના નિધન પર, ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગારસેટ્ટીએ કહ્યું, 'અમારા પ્રિય મિત્ર અને પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિઃસ્વાર્થ યોગદાનને યાદ કરીને, જેમણે ભારત-અમેરિકા સંબંધોમાં એક ઐતિહાસિક અધ્યાય શરૂ કર્યો. મનમોહન સિંઘના નિધન પર શોક વ્યક્ત કરતા અમેરિકાના વિદેશ સચિવ એન્ટની બ્લિંકને કહ્યું હતું કે 'મનમોહન સિંહ ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીના સાચા સમર્થક હતા. કેનેડાના પૂર્વ વડાપ્રધાન સ્ટીફન હાર્પરે સોશિયલ મીડિયા પર મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કરતી એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં હાર્પરે લખ્યું છે કે 'મારા પૂર્વ સહકર્મી મનમોહન સિંહના નિધનના સમાચારથી હું દુઃખી છું. તેઓ અદ્‌ભુત બૌદ્ધિક સમજ ધરાવતા નેતા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના આગેવાનોએ મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ પીએમ મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. અગાઉ તેમના શોક સંદેશમાં તેમણે કહ્યું હતું કે, 'પૂર્વ પીએમ મનમોહન સિંહનું જીવન દેશવાસીઓ માટે પ્રેરણા સ્રોત હતું. અર્થશાસ્ત્રી તરીકે તેમણે ભારત સરકારમાં વિવિધ સ્તરે સેવા આપી હતી. તેમણે રિઝર્વ બેંકના ગવર્નર તરીકે સેવા આપી હતી. તેઓ પૂર્વ પીએમ પીવી નરસિમ્હા રાવની સરકારમાં નાણામંત્રી હતા અને દેશમાં આર્થિક ઉદારીકરણનો પાયો નાખ્યો હતો. લોકો અને દેશના વિકાસ પ્રત્યેના તેમના સમર્પણને હંમેશા સન્માનની નજરે જોવામાં આવશે. ડૉ.મનમોહન સિંહનું જીવન પ્રમાણિકતા અને સાદગીનું પ્રતીક હતું. તેમની નમ્રતા અને બુદ્ધિમત્તા તેમના જીવનની વિશેષતા હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિવાસસ્થાને જઈને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે તેમના પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ પણ શ્રધ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રીઓ, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત વિવિધ પક્ષોના નેતાઓ દિવંગત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના ઘરે પહોંચ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી.






# સંભલ જામા મસ્જિદ સામે જ પોલીસ ચોકી બનાવવાનો નિર્ણય

સંભલ,તા.૨૭



ઉત્તરપ્રદેશના સંભલમાં ગત ૨૪ નવેમ્બરે શાહી જામા મસ્જિદમાં સર્વે દરમિયાન હિંસા ભડકી હતી. જેને લઈને તંત્રએ મોટો નિર્ણય લીધો છે. હવે શાહી જામા મસ્જિદની સામે ખાલી પડેલા મેદાનમાં નવી પોલીસ ચોકી બનાવવામાં આવશે. તેના માટે જગ્યા નક્કી કરવામાં આવી છે. એટલું જ નહીં એડિશનલ એસપી અને સીઓ શ્રીચંદ્રએ આ જગ્યાની માપણી કરી લીધી છે. સંભલના એડિશનલ એસપી શ્રીચંદ્રએ એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું કે, 'સુરક્ષાની દૃષ્ટિએ આ જગ્યા પર પોલીસ ચોકી બનવવાનો નિર્ણય લેવાયો છે. પોલીસ ચોકીનું નિર્માણ કાર્ય જલ્દીથી શરૂ કરી દેવાશે.' જ્યારે પોલીસ ફોર્સની સાથે એએસપી જામા મસ્જિદની બહાર પહોંચ્યા તો મસ્જિદ કમિટી અને આસપાસના લોકો પોતાની જમીનના કાગળ લઈને તેમની પાસે પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે, આ લોકો એટલા માટે કાગળ લઈને આવ્યા છે કારણ કે તેમનું કહેવું છે કે આ જગ્યા તેમની છે. અમે તેની તપાસ કરીશું. પોલીસ ટીમે તે જગ્યાની માપણી પણ કરી લીધી છે, જ્યાં પોલીસ ચોકી બનવાની છે. જે જગ્યા પર ચોકીનું નિર્માણ કરાશે, તે જગ્યા પર ચૂનો નાખીને નિશાન કરાયું છે.

# શેખ હસીનાને બાંગ્લાદેશ મોકલવાની ભારતની સ્પષ્ટ નાં

ન્યુ દિલ્હી,તા.૨૭



શેખ હસીના હાલ ભારતમાં છે. ૫ ઓગસ્ટે તખ્તાપલટ બાદ તે વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર આવ્યા હતા અને ત્યારથી તે દિલ્હીમાં કોઈ જગ્યાએ છે. મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકારે શેખ હસીનાને સોંપવાની માંગ કરી છે. ગયા અઠવાડિયે જ બાંગ્લાદેશ તરફથી એક રાજદ્વારી નોંધ આવી હતી જેમાં શેખ હસીનાને મોકલવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ ભારત સરકારે તેનો જવાબ આપ્યો નથી. દરમિયાન સરકારી સૂત્રોનું કહેવું છે કે ભારત સરકાર શેખ હસીનાને પરત મોકલવાનું વિચારી રહી નથી. એટલું જ નહીં, બાંગ્લાદેશ સરકાર દ્વારા દબાણ લાવવાના પ્રયાસો પછી પણ આવો કોઈ નિર્ણય લેવામાં આવશે નહીં. ભારત પ્રત્યાર્પણની અરજી પર વિચાર કરશે તેમ કહીને થોડા મહિનાઓ પણ કાઢી શકે છે. જો કે, ભારત એક એવો દેશ છે જેણે મહેમાનોના સ્વાગતની પરંપરા લાંબા સમયથી જાળવી રાખી છે. ભારતે દલાઈ લામાને પણ આવી જ રીતે ભારત આવવાની તક આપી હતી. અત્યારે પણ દલાઈ લામા હજારો તિબેટીયનોની સાથે ભારતમાં જ છે. જો કે, શેખ હસીના વિશે એવી આશા છે કે જો તેને થોડા વર્ષો લાગે તો પણ તે ફરી એકવાર બાંગ્લાદેશ પરત ફરી શકે છે.
















### સ્વામિનારાયણ મંદિર(પાણી દરવાજા) અમરેલી ધામ દ્વારા

# પંચદશાબ્દિ મહોત્સવ અવસરે વિવિધ કાર્યક્રમો યોજાયા

**નિત્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા ઘરસભાનું આયોજન કરાયું**

અમરેલી,તા.૨૭

પંચદશાબ્દિ મહોત્સવ અવસર ભાવિક ભક્તો દ્વારા ભવ્ય રીતે ઉજવાય રહ્યો છે ત્યારે મહોત્સવ દરમ્યાન સ્વયંસેવકો અને ભાવિક ભક્તો દ્વારા સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેમાં ઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજા અને મહાવિષ્ણુ જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ મહોત્સવની સાથે સાથે સર્વ રોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ અને સ્વાસ્થ્ય સંબંધીત સેમિનારો દ્વારા સામાજીક સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત કથા પ્રસંગે ભગવાન શ્રી હરિનો ગાદી પટ્ટાભિષેક, જળયાત્રા જેવા કાર્યક્રમોની ભક્તિવર્ષા થઈ હતી. તેમજ સરધાર નિવાસી નિત્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા ઘરસભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાવિક ભક્તો મોટી સંખ્યમાં જોડાયા હતા. આ તકે સંતો, હરિભક્તો અને રાજકીય મહાનુભાવો તેમજ સામાજીક સંસ્થાઓ અને બહેરા-મુંગા શાળાના બાળકો આ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.







# અમરેલીની એસ.એચ. ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો

અમરેલી, તા.૨૭

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિઓને ધ્યાનમાં લેતા, ભવિષ્યમાં ઓલિમ્પિકમાં પણ અમરેલી જિલ્લાનું નામ રોશન થાય તેવી શક્યતા છે, એવું સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું. તાજેતરમાં જ, તારીખ ૨૨ થી ૨૭ ડિસેમ્બર દરમિયાન દીંડીગુલ, તમિલનાડુ ખાતે ૪૬મી જુનિયર બહેનોની નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટ સ્કૂલના ત્રણ ખેલાડીઓ, હડિયા સુમિતા, વેગડ મીના અને સોલંકી દિવ્યાએ ગુજરાત રાજ્યની ટીમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ત્રણેય ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ જીતીને અમરેલી જિલ્લા અને શાળાનું નામ રોશન કર્યું છે.



# ધારીનું સરકારી દવાખાનું સુવિધા વિહોણું : ગરીબ દર્દીઓને હાલાકી

ધારી,તા.૨૭

ધારીને તાજેતરમાં જ નગરપાલિકાનો દરજ્જો મળ્યો છે, પરંતુ ૭૨થી વધુ ગામોનું તાલુકા મથક હોવા છતાં, અહીંના સરકારી દવાખાનામાં જરૂરી સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે ગરીબ દર્દીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ દવાખાનામાં કાયમી ડોક્ટરોની નિમણૂક ન હોવાથી, બહારથી આવતા ડેપ્યુટેશનના ડોક્ટર પર નિર્ભર રહેવું પડે છે, જેઓ પણ ઘણીવાર મોડા આવતા હોવાથી દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આથી, કાયમી ડોક્ટરોની નિમણૂક કરવામાં આવે અને ગરીબ દર્દીઓને દવાખાનાના ધક્કા ખાવા ન પડે તેવી લોક માંગ ઉઠવા પામી છે. આ ઉપરાંત, છેલ્લા ઘણા સમયથી એમ્બ્યુલન્સની સુવિધાનો પણ અભાવ છે. અગાઉ બે એમ્બ્યુલન્સ ભંગાર હાલતમાં પડી રહી હતી, જો તેને સમયસર રિપેર કરવામાં આવી હોત તો આજે દર્દીઓને આટલી હાલાકી ન ભોગવવી પડત. હાલમાં, ડોક્ટર અને એમ્બ્યુલન્સ વગરના આ દવાખાનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને, સ્થાનિક લોકો ઉચ્ચ અધિકારીઓ અને જિલ્લાના નેતાઓ તેમજ આરોગ્ય મંત્રીને આ બાબતે ધ્યાન આપવા અને વર્ષો જૂના આ પ્રશ્નોનું ધારીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) માં તાત્કાલિક નિરાકરણ લાવવા માંગણી કરી રહ્યા છે.

# અમરેલી તા.પં.ના પ્રમુખનું નકલી લેટરપેડ બનાવી ધારસભ્ય વિરુદ્ધ પત્ર લખતા ચકચાર

અમરેલી,તા.૨૭

અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખના નામનો નકલી લેટરપેડ બનાવીને સહી-સિક્કા કરેલો એક પત્ર સ્થાનિક ધારાસભ્ય વિરુદ્ધ લખવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ અંગે તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ ખુલાસો કરતાં કહ્યું હતું કે, સ્થાનિક ધારાસભ્યને બદનામ કરવામાં આવે છે અને કેટલાક ઈસમોએ મારા ખોટા લેટરપેડ ઉપર સહી સિક્કા કરીને મારા હોદ્દાનો દુરુપયોગ કર્યો છે. આ મામલે તેમણે અમરેલી જિલ્લા પોલીસ વડાને મૌખિક રજૂઆત કરી છે. નકલી લેટરપેડ દ્વારા ધારાસભ્ય ઉપર થયેલા આક્ષેપોને લઈને રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. વધુમાં તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયાએ જણાવ્યુ હતું કે, નકલી લેટરપેડ અને સહી-સિક્કાનો ઉપયોગ કરનારા સામે પોલીસ ફરિયાદ કરવામાં આવશે.



### ઘટનામાં પોલીસ તટસ્થ તપાસ કરશે : એસ.પી. સંજય ખરાત

# નિલવડાની ઘટનાને લઈ ક્ષત્રિય સમાજ દ્વારા અમરેલીમાં આવેદન

**ગુનેગારોને સજા કરો પરંતુ નિર્દોષને રંજાડવાનું બંધ કરો : ક્ષત્રિય સમાજ**

અમરેલી,તા.૨૭

અમરેલીમાં આજે નિલવડાની ઘટનાને લઈ ક્ષત્રિય સમાજ દ્વારા આવેદન આપવામાં આવ્યું હતું. ક્ષત્રિય સમાજે કલેકટર અને જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપતા પોલીસના ધાડેધાડા ઉતર્યા હતા. ક્ષત્રિય સમાજે આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ખોટી રીતે ભાઈ-બહેનનું નામ પોલીસ ફરિયાદમાં લખાવવામાં આવ્યા છે. જેથી ભાઈ-બહેનને ન્યાય મળે તે જરૂરી છે. ગુનેગારોને સજા કરો પરંતુ નિર્દોષ લોકોને રંજાડવાનું બંધ કરવુ જોઈએ. આ બાબતે યોગ્ય ન્યાયિક તપાસ કરવામાં આવે તેવી માંગ કરી હતી. જયારે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, દલિત અને ક્ષત્રિય સમાજ દ્વારા આવેદન આપવામાં આવ્યું છે. પોલીસ આ બનાવમાં તટસ્થ તપાસ કરશે. જે જવાબદારો હશે તેની સામે પોલીસ કડક કાર્યવાહી કરશે. હાલ તો બંને સમાજને સંયમ જાળવવા પોલીસે અનુરોધ કર્યો છે.



# પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા દિલીપ સંઘાણી

અમરેલી,તા.૨૭

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહના નિધન પર ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારતની અર્થ વ્યવસ્થાને સમૃધ્ધ બનાવવાનું કામ પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહે સફળ રીતે કર્યું હતું. દિલીપભાઈ સંઘાણીએ વધુમાં જણાવેલ કે, મનમોહનજીની સેવાઓ આર્થિક અને સામાજીક ક્ષેત્રે છવાયેલી છે. તેમના જવાથી સમગ્ર દેશ શોકાતુર બન્યો છે.



# રાજુલા પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ: શાંતિ અને સુરક્ષા માટે કડક પગલાં

રાજુલા, તા.૨૭

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય સાવરકુંડલાના માર્ગદર્શન હેઠળ, રાજુલા પોલીસ સ્ટેશનમાં સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઈવનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી તહેવારો અને નવા વર્ષની ઉજવણી દરમિયાન શાંતિ અને સુરક્ષા જાળવવાનો છે. રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ.કોલાદરાની સૂચના પર, પોલીસ કર્મચારીઓ વાહન ચેકિંગ, કાળા કાચવાળા વાહનો અને નંબર પ્લેટ વગરના વાહનો સામે કડક કાર્યવાહી કરી રહ્યા છે. ખાસ કરીને, આગામી ૩૧ ડિસેમ્બરને ધ્યાનમાં રાખીને, દારૂની હેરાફેરી રોકવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.



# અમરેલીમાં બાજપેઈજીની ૧૦૦મી જન્મજયંતી ઉજવાઈ

અમરેલી, તા.૨૭

અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં આજે ધોરણ ૫ થી ૧૨નાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ ભૂતપૂર્વ વડાપ્રધાન ભારત રત્ન અટલ બિહારી બાજપેઈની ૧૦૦મી જન્મ જયંતીની ઉજવણી કરી હતી. સંસ્થા દ્વારા મહાપુરુષોને જન્મ જયંતી અને પુણ્યતિથિ નિમિત્તે પુષ્પો અર્પણ કરી તેમના જીવન ઝરમરથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવે છે.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯


## તાલુકા પંચાયત પ્રમુખના નામે બનાવટી લેટર વાયરલ થયા બાદ ભાજપ આગેવાનોમાં આક્રોશ

# ધારાસભ્ય કૌશિક વેકરીયાને બદનામ કરવાનું કાવતરૂ : વનરાજભાઈ કોઠીવાળ

**બનાવટી લેટર અને સહી સિક્કાનો ઉપયોગ કરનારાઓની ધરપકડ કરવા માંગ**

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં સંગઠનના માધ્યમથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંગઠનને મજબૂત બનાવનાર અને જિલ્લામાં વિકાસના કામો કરાવનાર ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા વિરૂધ્ધ માનસિકતા ધરાવતા લોકોનો બનાવટી લેટર વાયરલ થયો છે. અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નામનો ખોટો લેટર પેડ, ખોટો સિક્કો અને ખોટી સહી સાથે આ લેટર બનાવવામાં આવ્યો છે અને આ વાતની પુષ્ટી ખુદ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ કરી છે. લેટરમાં કૌશિકભાઈ વેકરીયાના અડગ નેતૃત્વ અને સ્વચ્છ છબી પર દાગ લાગે તેવા હીન પ્રયાસો કરવામાં આવ્યા છે. પરંતુ સત્ય બહાર આવ્યા વગર રહેતું નથી અને એવું જ થયું. લેટરની વાત બહાર આવતા જેના નામે લેટર ફરતો થયો છે એ અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ પોતાના નામનો ખોટી રીતે ઉપયોગ કરીને બનાવટી લેટર તૈયાર કરનારા



સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી છે અને તેની વિરૂદ્ધમાં કડકમાં કડક ફરિયાદ કરવાની વાત પણ તેમણે કરી છે. અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળે જણાવ્યું હતું કે, અમુક લોકોની આવા બનાવટી લેટર લખવામાં હોશિયારી છે અને આવુ કરતા આવ્યા છે અને જાણીએ છીએ કે આવું હીન કૃત્ય કોણ કરી શકે! આવા લોકોનું જાહેરજીવનમાં કોઈ સ્થાન નથી આ બાબતે હું સ્પષ્ટતાપૂર્વક કહેવા માગુ છું કે કૌશિકભાઈ વેકરીયા વિરૂધ્ધ ખોટા કાવતરા કરવાનું બંધ કરી દેજો. તેમણે વધુમાં કહ્યું હતું કે, અમરેલીમાં જે વિકાસનો પથ તૈયાર થઈ રહ્યો છે તે કૌશિકભાઈ વેકરીયાને આભારી છે. અમરેલીની ચારેકોર વિકાસના કાર્યો થઈ રહ્યા છે અને ધારાસભ્ય તરીકે તેમણે હંમેશા પ્રજાહિતને ધ્યાનમાં રાખીને કામ કર્યું છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, પાયાવિહોણી વાતો કરવાથી સૂરજના પ્રકાશને ઝાંખો ન પાડી શકાય. કૌશિકભાઈ વેકરીયાના કામ બોલે છે અને ખરા અર્થમાં તેઓ અમરેલી જિલ્લાના સાચા લોકસેવક સાબિત થયા છે ત્યારે આવા બોગસ લેટરપેડ અને સહી સિક્કા બનાવી ધારાસભ્યને બદનામ કરવાના પ્રયાસને વખોડી કાઢવામાં આવ્યો છે. લેટર વાયરલ થયા બાદ ભાજપ આગેવાનોમાં આક્રોશ વ્યાપ્યો છે.

## જાફરાબાદમાં નવી મામલતદાર કચેરી મંજૂર થતા આનંદની લાગણી

**ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની રજૂઆત રંગ લાવી**



જાફરાબાદ,તા.૨૭

રાજય સરકાર દ્વારા તાલુકાને સારી સગવડ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. જાફરાબાદ ખાતે નવી મામલતદાર કચેરી મંજૂર થતા ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જાફરાબાદ રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા જાફરાબાદ શહેરની નવી મામલતદાર કચેરી માટે રજૂઆત કરવામાં આવી હતી જે મંજૂર થતા આ વિસ્તારના લોકોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

## રાજપરડા ગામ પાસે બાઈક સ્લીપ થતાં યુવક ઈજાગ્રસ્ત

ડુંગર, તા.૨૭

રાજુલાના રાજપરડા ગામે રહેતા જીલુભાઈ બાલાભાઈ સોલંકી (ઉ.વ.૬૬)એ જાહેર કર્યા મુજબ તેમનો પુત્ર મોટર સાઈલ લઈને રીંગણીયાળા ગામથી રાજપરડા ગામે જતો હતો ત્યારે મોટર સાયકલ સ્લીપ થતાં સારવાર અર્થે ખસેડાયો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે. વડીયાના મોટા ઉજળા ગામે રહેતી એક યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું

**જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતો ચિંતિત**



અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં સતત બે દિવસ સુધી વાદળછાયું વાતાવરણ અકબંધ રહ્યું હતું, ત્યારબાદ નાટ્યાત્મક ઢબે વાતાવરણ સ્વચ્છ બન્યું હતું અને વાદળો વિખરાઈ જતા ઠંડીએ પોતાનું સ્થાન અકબંધ રાખ્યુ હતું પરંતુ બે દિવસના સમય બાદ આજે ફરી એક વખત અમરેલીના ગગનમાં વાદળો ઘેરાયા છે. આજે વહેલી સવારે ભારે ધુમ્મસ સાથે વાતાવરણ ધૂંધળું બન્યું હતું, હાઈવે પર વિઝિબિલિટી ઝીરો થઈ ગઈ હતી. ઠંડીનું પ્રમાણ પણ ઘટવા પામ્યું છે, લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે રાજ્યના હવામાન વિભાગે નવેસરથી આગાહી કરી છે કે ત્રણ દિવસ સુધી અમરેલી સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું થવાની સંભાવના છે, આ ત્રણ દિવસમાં અમરેલી જિલ્લાનો પણ સમાવેશ થાય છે.

## જિલ્લામાંથી નશામાં મદમસ્ત થઈને ડોલતાં ૧૦ ઝડપાયા

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં નશામાં મદમસ્ત થઈને ડોલતાં ૧૦ ઈસમો ઝડપાયા હતા. જ્યારે ૯ ઈસમો કેફી પીણું પીને વાહન ચલાવતાં પકડાયા હતા. કરમદડી ગામની સીમમાંથી અમરેલી એલસીબી ટીમે દેશી દારૂ બનાવવાનો ૧૫ લીટર આથો જપ્ત કર્યો હતો. છ મહિલા સહિત ૨૦ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. તમામ સામે પ્રોહિબીશન અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી.


ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક: ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત: ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338



## બગસરા તાલુકા-શહેર મંડળનાં પ્રમુખનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૨૭

બગસરા તાલુકા ભાજપ પ્રમુખ તરીકે પ્રદિપ ભાખર અને શહેર પ્રમુખ તરીકે ઘનશ્યામ સાદરાણીની નિમણૂંક થતા બંને પ્રમુખોને શાલ ઓઢાડી મોં મીઠુ કરાવવામાં આવ્યું હતું. આ તકે, ધારાસભ્ય જે.વી.કાકડીયા, પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરીયા સહિત ભાજપના કાર્યકરો હાજર રહ્યાં હતા.

**ધારાસભ્ય જે.વી. કાકડીયા, પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરીયા સહિતનાઓ હાજર રહ્યા**



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી


## અવસાન નોંધ

**ચલાલા**

સ્વ. પ્રદ્યુમનભાઈ કેશવલાલ રાજાના પુત્ર વિજયભાઈ ઉ.વ.૫૭ તે રેખાબેન કીરીટકુમાર કક્કડ મોરબી તથા મીરાબેન અનમોલકુમાર અમદાવાદના ભાઈનું તા.૨૬/૧૨/૨૪ ગુરૂવારના અવસાન થયેલ છે.



ડાઈનીંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમાં એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમાં, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079


**CHANGE OF NAME**

I Undersign DWARKADASBHAI NARSHIBHAI DOBARIYA have changed my name from DWARKADAS NARSINHBHAI DOBARIYA To DWARKADASBHAI NARSHIBHAI DOBARIYA (New) Now i will be known as DWARKADASBHAI NARSHIBHAI DOBARIYAI (New) So from now on I will be known by this name.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.

• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેશીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ધારીમાં બાગાયતી ખેતી અંગે સેમિનાર યોજાયો, વૈજ્ઞાનિકોએ સમજણ આપી

ધારી,તા.૨૭

ધારી પ્રેમવતી હોટલ ખાતે નાયબ બાગાયત વિભાગ દ્વારા બાગાયતી ખેતી કેમ કરવી તેના માટે એક સેમિનાર યોજાયો હતો. બાગાયતી પાકમાં આવતા વિવિધ પાકો જે પૈકી આંબામાં પાક વધુ કેમ આવે તેમ જ વૈજ્ઞાનિક ઢબે તેની માવજત કેમ થાય તેને અસર કરતાં પરિબળો જેવા વિવિધ વિષયો ઉપર બાગાયતી વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા વિશેષ સમજણ આપવામાં આવી હતી. નાયબ બાગાયતી અધિકારી કરમુરના અધ્યક્ષ સ્થાને આ સેમિનાર યોજાયો હતો જેમાં બાગાયતી વિભાગના મદદનીશ બાગાયતી અધિકારી ગોહિલ તેમજ વસોયા અને બાગાયતી ઓફિસનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો. આ સેમિનારમાં તાલુકાભરના ખૂબ જ મોટા પ્રમાણમાં ખેડૂતો હાજર રહ્યા હતા અને આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


તસવીર : સંજય વાળા

## શહેરના વિકાસ માટે વેરો વધારવો જરૂરી : ધારાસભ્ય

# બગસરામાં વેરા વધારાને લઈ તા. ૩૧મીએ શહેર બંધનું એલાન

બગસરા, તા.૨૭

બગસરા પાલિકાના વેરા વધારાના નિર્ણયને લઈ સામાજિક સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સે તા.૩૧મીએ શહેર બંધનું એલાન આપ્યુ છે. જો કે મામુલી વેરો વધારવો પડે તેવી સ્થિતિ હોવાનું પાલિકા પ્રમુખે જણાવ્યું હતું. બગસરામાં જુદા-જુદા વેરા નાખવામાં આવતા દર વર્ષે રૂ.૭૦૦નો વેરાબોજ શહેરીજનોને પડતો હોવાથી આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સે વેરા વધારાના વિરોધમાં તા.૩૧મીએ બગસરા બંધનું એલાન આપ્યુ છે. આ અંગે ધારાસભ્ય જે.વી.કાકડીયાએ જણાવ્યું હતું કે શહેરના વિકાસ માટે અને કર્મચારીઓના પગાર નિયમિત થાય તે માટે વેરો વધારવો જરૂરી છે. તો પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતું કે ભૂગર્ભ ગટરનું મેઈન્ટેનન્સ દર વર્ષે રૂ.૧ કરોડ છે. ઘરદીઠ પાણી કનેકશન રૂ.૨૫૦૦ જેટલુ થાય છે તેની સામે માત્ર પાણી વેરો રૂ.૯૦૦ કરાયો છે. સ્ટ્રીટલાઈટનો વેરો માત્ર રૂ.૫૦ કરવામાં આવ્યો છે. જયારે સફાઈના રૂ.૧૦૦ કરવામાં આવ્યા છે. શહેરીજનોને એકાંતરા બે કલાક કરતા વધારે સમય પાણી વિતરણ કરવામાં આવે છે. આ તમામ ખર્ચાઓને ધ્યાને લઈ ૧૦ વર્ષ બાદ પાણી વેરો વધારવામાં આવ્યો છે ત્યારે શહેરીજનોને શહેરના વિકાસમાં સહકાર આપવા પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ અંતમાં અનુરોધ કર્યો હતો.

# સાવરકુંડલા શહેરમાં યુવકના ખિસ્સામાંથી મોબાઈલ પડી ગયો

**મોબાઈલ લઈ અજાણ્યો ઈસમ ફરાર થઈ જતા પોલીસ ફરિયાદ**

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલામાં રહેતા એક યુવકનો મોબાઈલ ફોન તેના ખિસ્સામાંથી પડી ગયો હતો. અમનભાઈ અફઝલભાઈ કાદરી (ઉ.વ.૨૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ મહુવા રોડ પર આવેલા એક્યુરેટ શોરૂમની પાછળના ભાગે આસિફભાઈના તબેલા પર હતા ત્યારે તેમનો મોબાઈલ ખિસ્સામાંથી પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા શહેરમાં સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું

રાજુલા, તા.૨૭

રાજુલા ખાતે ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી નિમિત્તે સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા રાજુલા શહેરમાં સીટી સિવિક સેન્ટરનું ઈ-લોકાર્પણ કર્યું હતું. જેના કારણે શહેરમાં નગરપાલિકા વિસ્તારમાં આવતા પ્રજાલક્ષી કામો ખૂબ જ સરળતાથી થઈ શકશે. આ સેન્ટર ફાયર સ્ટેશન રાજુલા ખાતે શરૂ કરવામાં આવ્યું છે. હવે દરેક કામ કોમ્પ્યુટરની જેમ ઝડપથી થશે તેમ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી પીઠાભાઈ નકુમ, રવુભાઈ ખુમાણ, તેમજ ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો વેપારીઓ અગ્રણીઓ, શહેર ભાજપ પ્રમુખ વનરાજભાઈ વરુ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

# ધારીના ગઢીયા ગીર દાનબાપુની જગ્યામાં આજે સંતવાણી યોજાશે



ચલાલા, તા.૨૭

ચલાલાના જાણીતા સંત દાનમહારાજની જગ્યાના મહંત મહારાજ વલકુબાપુના આશીર્વાદથી ગઢીયા ગીરમાં આકાર પામી રહેલ દાનમહારાજની પવિત્ર દેહાણ જગ્યામાં આજે ભવ્ય સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો મોટી સંખ્યામાં લાભ લેવા મહંત હર્ષદબાપુ ભગતે જાહેર આમંત્રણ પાઠવ્યું છે. કાર્યક્રમને લઈ સેવકગણમાં થનગનાટ જોવા મળી રહ્યો છે.

# હાલરીયા ગામે પ્રાથમિક શાળાના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું

અમરેલી,તા.૨૭


બગસરા તાલુકાના હાલરીયા ગામે પ્રાથમિક શાળાના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય જે.વી. કાકડિયા તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, ધીરૂભાઈ માયાણી, બાબુભાઈ બકરાણીયા તેમજ ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા તેમજ તાલુકા પંચાયત સદ્સ્ય અશ્વિનભાઈ કોરાટ, વિપુલભાઈ ભેસાણિયા, માધુભાઈ લોગણવદરા તેમજ બગસરા તાલુકા મહામંત્રી ખોટાભાઈ સાવલિયા, પ્રકાશભાઈ પરમાર તેમજ હાલરીયા સરપંચ પિયુષભાઈ કોરાટ તેમજ બગસરા તાલુકા સરપંચ પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા તેમજ હરેશભાઈ ખેતાણી, અશ્વિનભાઈ બાંભરોલીયા, દેવરાજભાઈ રાંક, કિરીટબાપુ દેવમુરારી તેમજ હાલરીયાના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# સા.કુંડલાની સરકારી હોસ્પિટલમાં મહિલાનું ગર્ભાશયની ગાંઠનું સફળ ઓપરેશન કરાયું

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં આજે ૪૩ વર્ષીય મહિલાનું ગર્ભાશયની ગાંઠ અને ગર્ભાશય કાઢવાનું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ મહિલાને લગભગ ૨ મહિનાથી તકલીફ હતી. તેમણે પ્રાઈવેટ તથા ટ્રસ્ટની હોસ્પિટલમાં પણ બતાવેલ અને ગાંઠની ગંભીર સારવાર માટે મોટા સેન્ટરમાં જવાની સલાહ અપાઈ હતી. દર્દીએ છેલ્લો ઉપાય સમજી આ સરકારી હોસ્પિટલમાં બતાવ્યું હતું. દર્દીને લોહીની ટકાવારી ઓછી આવતા લોહીની બોટલ ચડાવીને પછી ઓપરેશન કરવાનું નક્કી થયું હતું. બે કલાક સુધી ચાલેલું આ ઓપરેશન ડો. વિજય નાકરાણી અને સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક કરાયું હતું.



# જાફરાબાદમાં વખારમાંથી સ્ટીલના સાફિંટગની ચોરી

જાફરાબાદ, તા.૨૭

જાફરાબાદ સામાકાંઠા શીતળા માતાના મંદિર પાસેથી સ્ટીલના સાફિંટગની ચોરી થઈ હતી. જેને લઈ રાજેશભાઈ છનાભાઈ બારૈયા (ઉ.વ.૫૦)એ રાજુભાઈ જાદવભાઈ સોલંકી (ઉ.વ.૩૮) તથા કાળુભાઈ કરશનભાઈ બારૈયા (ઉ.વ.૩૩) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની વખારમાં પ્રવેશેલા બંને ઈસમો ૨ નંગ સાફિંટગ ચોરીને ફરાર થઈ ગયા હતા. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એસ. રતન વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: તેરસ
તા. ૨૮-૧૨-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૨,
સૂર્યાસ્ત-૦૫:૩૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૨૮-૧૨-૨૦૨૪ શનિવાર

મેષ: વર્તમાન સમય સફળતાભર્યો રહી શકે છે. બદલાતા વાતાવરણથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. ઘરમાં નજીકના વ્યક્તિઓ આવવાથી ઉત્સાહભર્યું વાતાવરણ રહી શકે છે.

વૃષભ: તમારા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઇ શકે છે.

મિથુન: પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં પારદર્શિતા જાળવી રાખો. લક્ષ્ય પ્રાપ્તિમાં કોઇ નજીકના સંબંધીનો પણ સહયોગ પ્રાપ્ત થશે.

કર્ક: તમારા વ્યક્તિગત કાર્યોમાં કોઇ બહારના વ્યક્તિને સામેલ ન કરો. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થઇ શકે છે.

સિંહ: આજે મોટાભાગનો સમય માર્કેટિંગ તથા બહારની ગતિવિધિઓને પૂર્ણ કરવામાં જ પસાર થશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યામાંથી રાહત મળી શકે છે.

કન્યા: પતિ-પત્ની વચ્ચે રોમેન્ટિક સંબંધ રહી શકે છે. તમારા આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થઇ શકે છે. જરૂરી કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

તુલા: પતિ-પત્ની વચ્ચે સંબંધ ગાઢ બનશે. ધૈર્યપૂર્વક પરિસ્થિતિઓને પોઝિટિવ બનાવો. સંબંધને મજબૂત જાળવી રાખવામાં તમારી કોશિશ મહત્ત્વની રહેશે.

વૃશ્ચિક: વ્યવસાયિક ગતિવિધિઓ આજે મંદ જ રહેશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઇ શકે છે.

ધન: વ્યવસાયિક વ્યવસ્થામાં સુધાર આવશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી તમારી કોશિશમાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે.

મકર: આ સમયે ગોચર ગ્રહ તથા ભાગ્ય વ્યવસાયિક દૃષ્ટિએ તમારા પક્ષમાં છે. આજે કોઇપણ પ્રકારની યાત્રા ન કરો.

કુંભ: અન્યના મામલે કોઇપણ પ્રકારની દખલ ન કરો. જીવનસાથી પાસેથી વધારે આશા રાખવી એકબીજા સાથેના સંબંધોમાં અંતર વધારી શકે છે.

મીન: વ્યવસાયિક દૃષ્ટિએ સમય ધનદાયક રહી શકે છે. સંયુક્ત પરિવારમાં થોડા વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે. પારિવારિક જીવન સુખદ રહી શકે છે.













**તંત્રી લેખ**

# રાષ્ટ્રહિતમાં ખેડૂતો આંદોલનો બંધ કરે

પંજાબમાં કેટલાક ખેડૂત સંગઠનોએ તેમની માંગણીઓ માટે આ વર્ષની શરૂઆતમાં ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪થી આંદોલન શરૂ કર્યું છે. તેઓ ૧૦ મહિનાથી પંજાબની શંભુ અને ખનૌરી બોર્ડર પર બેઠા છે કારણ કે હરિયાણા સરકારે આ આંદોલનકારીઓની દિલ્હી જવા માટે તેના રાજ્યમાંથી પસાર થવા પર સખત પ્રતિબંધો અને ભારે અવરોધો લાદી દીધા છે, જેના કારણે સતત ભારે પ્રયાસો છતાં, તેઓ હરિયાણા સુધી પહોંચી શક્યા નથી. લાંબા સમયથી આ સ્થિતિને જોતા કરોડો પ્રવાસી લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે પંજાબના વેપાર અને ઉદ્યોગને પણ અબજો રૂપિયાનું નુકસાન થયું છે. લાચાર ઉદ્યોગપતિઓ તેમના ઉદ્યોગોને રાજ્યની બહાર લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. કિસાન મઝદૂર મોરચા અને યુનાઈટેડ કિસાન મોરચા (બિન-રાજકીય) એ ૧૮ ડિસેમ્બરે ત્રણ કલાક માટે ટ્રેનોને અવરોધિત કરી હતી અને ૩૦ ડિસેમ્બરે રાજ્યમાં બંધ પાળ્યો હતો. ચેતવણી પણ આપવામાં આવી હતી. આ સંગઠનો સાથે જોડાયેલા ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે ૨૬ નવેમ્બરથી આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે, જેના પર બધાની નજર કેન્દ્રિત છે. દેશની સર્વોચ્ચ અદાલતે પણ આની કડક નોંધ લેતા પંજાબ સરકારને ખેડૂત નેતાની તબિયત બગડવા ન દેવા અને આ માટે નક્કર વ્યવસ્થા કરવા આદેશ આપ્યો છે. ખેડૂતોને રાજ્ય સરકાર સાથે વાત કરવા પણ કહેવામાં આવ્યું છે. સ્થાયી સમિતિએ એમ પણ કહ્યું છે કે પાકના ટેકાના ભાવની કાયદાકીય ગેરંટી દેશની ખાદ્ય સુરક્ષાને પણ મજબૂત બનાવશે. આ સાથે કમિટીએ એવી પણ ભલામણ કરી છે કે ખેડૂતોને આપવામાં આવતા લાભોનો વિસ્તાર શેરખેડ કરનારા ખેડૂતો અને ખેતમજૂરો સુધી પણ વધારવો જોઈએ. કમિટીએ વડાપ્રધાન કિસાન સન્માન નિધિની પણ ભલામણ કરી છે

આ સાથે, સમિતિએ કૃષિ મજૂરો માટે લઘુત્તમ વેતન નક્કી કરવા માટે રાષ્ટ્રીય આયોગની રચના કરવાની પણ ભલામણ કરી છે. સંસદીય સમિતિએ કૃષિ અને ખેડૂતોના કલ્યાણ માટે કૃષિ વિભાગના બજેટમાં વધારો કરવા પણ કહ્યું છે. તેમના જણાવ્યા મુજબ, ૨૦૨૦-૨૧માં કૃષિ અને ખેડૂતોને લગતી કેન્દ્રીય યોજનાઓ માટે ૩.૫૨-૫૩ ટકા રકમ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જે હવે ઘટીને ૨૦૨૪-૨૫માં ૨.૫૪ ટકા થઈ ગઈ છે. આ સિવાય કમિટીએ અન્ય ઘણી ભલામણો કરી છે, જે આ બિઝનેસને વધુ નફાકારક બનાવવામાં મદદરૂપ થશે. હવે જ્યારે લાંબા સમયથી દેશના ખેડૂતોમાં તેમની અર્થવ્યવસ્થાને લઈને ભારે અસ્વસ્થતા છે, ત્યારે કેન્દ્ર સરકારે આ ક્ષેત્ર પર વધુ ધ્યાન આપવાની જરૂર પડશે. મનરેગા જેવી તેની પહેલેથી જ ચાલી રહેલી યોજનાઓ નીચલા સ્તરના ખેડૂતો અને મજૂર વર્ગના રોજગાર માટે એક સારું સાધન છે, જેને વધુ પારદર્શક અને નફાકારક બનાવવાની જરૂર પડશે.

# રાષ્ટ્રના એક અનોખા અર્થશાસ્ત્રી અને પૂર્વ પીએમ ડો. મનમોહન સિંઘ

ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ નાણાપ્રધાન તરીકે રાજકારણમાં આવ્યા, જેમણે ભારતીય અર્થવ્યવસ્થાની દિશા કાયમ બદલાવી દીધી, તેની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહનું નિધન થયું છે. ભારતીય અર્થવ્યવસ્થાની દિશા કાયમ બદલનાર ડૉ. મનમોહન સિંહની નાણામંત્રી તરીકે રાજકારણમાં આવવાની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. મોડી રાત સુધી જાગ્યા બાદ ડૉ. સિંહને પીવી નરસિમ્હા રાવ સરકારમાં નાણામંત્રી બનવાની ઑફર આપવામાં આવી હતી, જે તેઓ માન્યા નહોતા અને બીજા દિવસે સવારે તેઓ તેમની ઑફિસ ગયા હતા, જ્યારે તેમને રાષ્ટ્રપતિ ભવન જવું પડ્યું હતું. શપથ લેવું પડ્યું હતું. પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત એકે ભટ્ટાચાર્યના પુસ્તક ઈન્ડિયાઝ ફાયનાન્સ મિનિસ્ટર્સ: સ્ટમ્બલિંગ ઈનટુ રિફોર્મ્સ (૧૯૭૭ થી ૧૯૯૮)માં આનો ઉલ્લેખ છે.

વર્ષ ૧૯૯૦ માં, મનમોહન સિંહ દક્ષિણ કમિશનના મહાસચિવ તરીકે તેમનું કાર્ય પૂર્ણ કર્યા પછી ભારત આવ્યા હતા. તેઓ વીપી સિંહ સરકારની ટોચની આર્થિક નીતિ ટીમનો ભાગ બનવાના હતા. પીએમએ સિંહને તેમની આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ બનવા માટે કહ્યું હતું. તેણે પણ આ પદ સ્વીકાર્યું. પરંતુ વીપી સિંહની સરકાર પહેલેથી જ પડી ગઈ હતી. આ પછી કોંગ્રેસના સમર્થનથી ચંદ્રશેખરની સરકાર બની હતી. ચંદ્રશેખરે ડૉ.સિંઘને વડાપ્રધાન કાર્યાલયમાં આર્થિક સલાહકારનું પદ આપ્યું હતું. ચંદ્રશેખરની સરકાર પણ ૧૯૯૧માં પડી હતી. આ સમયે યુજીસી (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન)ના અધ્યક્ષનું પદ ખાલી હતું. આવા સંજોગોમાં ત્યાં નિમણૂક પામેલા ડૉ. મનમોહન સિંઘ ઓફર સાથે ઊંઘમાંથી જાગી ગયા.

ચંદ્રશેખરની સરકારના પતન બાદ નરસિંહા રાવ વડાપ્રધાન બન્યા હતા. તે સમયે અર્થવ્યવસ્થાની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ રહી હતી. આગામી નાણામંત્રી કોણ હશે તે અંગે ચર્ચા થઈ હતી. શરૂઆતમાં ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર આઈજી પટેલના નામ પર સૌ સહમત થયા હતા. પરંતુ પટેલે આ પદ લીધું ન હતું. જે બાદ ડૉ. મનમોહન સિંહનું નામ આગળ મૂકવામાં આવ્યું હતું. શપથ ગ્રહણ સમારોહના એક દિવસ પહેલા રાવે પીસી એલેક્ઝાન્ડરને ડૉ. સિંહનો સંપર્ક કરવા કહ્યું. જો કે, આ નિર્ણય લેવાયો ત્યાં સુધીમાં રાત થઈ ગઈ હતી અને ૨૦ જૂન ૧૯૯૧ની મોડી રાત્રે નેધરલેન્ડથી પાછા ફરેલા ડૉ. સિંહ સૂઈ રહ્યા હતા. એલેક્ઝાંડરે તેને બોલાવ્યા અને કહ્યું કે તે તરત જ મળવા માંગે છે.

આ પછી એલેક્ઝાન્ડર રાત્રે જ મનમોહન સિંહના ઘરે પહોંચ્યા અને રાવની સરકારમાં નાણામંત્રી બનવાનું કહ્યું. સિંઘ એલેકઝાંડરને માન્યા નહીં અને સવારે યુજીસી ઓફિસમાંથી નીકળી ગયા. બીજી તરફ, શપથ સમારોહ માટે સિંહની રાહ



જોવાઈ રહી હતી. જ્યારે તે ફંક્શનમાં જોવા ન મળ્યા તો તેની શોધખોળ શરૂ થઈ. ત્યારબાદ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

તેમને ફોન પર પૂછવામાં આવ્યું કે શું તેઓ આગામી નાણામંત્રી તરીકે શપથ લેવા આવશે?

સિંઘ માની ન શક્યા. ત્યારબાદ તેમને ઘરે જવા, તૈયાર થવા અને શપથ સમારોહમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યું. અશોક હોલમાં હાજર મોટાભાગના લોકો સિંઘને પોશાક પહેરીને પહેલી હરોળમાં ખુરશી પર બેઠેલા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સિંઘને સમારોહમાં નાણા મંત્રાલયનો હોદ્દો સોંપવામાં આવ્યો ન હતો. જો કે, શપથ સમારોહ પછી, તેમને નોર્થ બ્લોક ઓફિસથી નાણાં પ્રધાન તરીકે કામ શરૂ કરવા માટે કહેવામાં આવ્યું હતું. બાદમાં એક વિમોચન જારી કરીને મનમોહન સિંહને સત્તાવાર રીતે નાણાં મંત્રાલય આપવામાં આવ્યું હતું.

મનમોહન સિંઘ અને તત્કાલીન યુએસ પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ. બુશે ૧૮ જુલાઈ, ૨૦૦૫ના રોજ કરારના માળખા પર સંયુક્ત ઘોષણા કરી હતી અને તે ઓક્ટોબર ૨૦૦૮માં ઔપચારિક રીતે અમલમાં આવી હતી. ભારત માટે આ એક મોટી જીત હતી. પરમાણુ કરાર પર સિંઘના કડક વલણે પણ ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સને એકબીજાની નજીક લાવવામાં મદદ કરી, અને ૨૦૦૮ની આર્થિક મંદી દરમિયાન તેમણે જે રીતે દેશનું સંચાલન કર્યું તેનાથી તેમને ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં મદદ મળી અને ફરી એકવાર યુપીએ સરકાર આવી.

સંજય બારુએ તેમના ૨૦૧૫ના પુસ્તક 'ધ એક્સીડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર: ધ મેકિંગ એન્ડ અનમેકિંગ ઓફ મનમોહન સિંઘ'માં લખ્યું છે કે, 'તેમણે પરમાણુ કરાર પર જે વલણ લીધું હતું તેનાથી સોનિયા ગાંધીની તેમની આધીનતાની કોઈ યાદ ભૂંસાઈ ગઈ હતી. અંતે, સિંહ રાજા હતા. બારુએ આ સોદાને 'સિંહની તાજની કીર્તિ' ગણાવી હતી. મનમોહન સિંહના નેતૃત્વમાં કોંગ્રેસે ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ૨૦૬ બેઠકો જીતી હતી. તેનાથી ૨૦૦૪ની સરખામણીમાં તેની બેઠકોની સંખ્યામાં ૬૧નો વધારો થયો હતો.


આ યોજનાઓ મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન લાગુ કરવામાં આવી હતી. દેશના આર્થિક પુનરુત્થાન પર ફરી એક વખત દેખરેખ રાખનાર મનમોહન સિંહને ઘણા વર્ષો સુધી સરકારી નીતિના સંદર્ભમાં સ્થગિત સ્થિતિમાં રહેવું પડ્યું હતું. સરકારે વાત કરવાનું બંધ કરી દીધું અને મનમોહન સિંહનું કદ જૂના જમાના જેવું રહ્યું નહતું. વડપ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન જ વિશ્વની સૌથી મોટી રોજગાર ગેરંટી યોજના, મનરેગા અને માહિતીનો અધિકાર (આરટીઆઈ) કાયદો લાગુ કરવામાં આવ્યો હતો.

જાન્યુઆરી ૨૦૧૪માં આપેલું નિવેદન અત્યાર સુધી ચર્ચામાં રહ્યું છે. પૂર્વ પીએમ સિંહે પદ છોડવાના થોડા મહિના પહેલા જાન્યુઆરી ૨૦૧૪માં કહ્યું હતું કે, 'મને વિશ્વાસ નથી થતો કે હું નબળો વડાપ્રધાન રહ્યો છું. હું પ્રામાણિકપણે માનું છું કે સંસદમાં સમકાલીન મીડિયા અથવા વિપક્ષો કરતાં ઈતિહાસ મારા માટે દયાળુ હશે. રાજકીય મજબૂરીઓને ધ્યાનમાં રાખીને મેં મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે.

મનમોહન સિંહે જ ભારતની અર્થવ્યવસ્થાનું માળખું મજબૂત કર્યું હતું અને આનાથી તે પછીની સરકારોને ભારતને મજબૂત રીતે આગળ લઈ જવા માટે મદદ મળી હતી. તેઓ ભારતના પહેલા પાઘડીધારી વડાપ્રધાન પણ હતા જેઓ અમેરિકા સાથેના પરમાણુ કરાર પર અડગ રહ્યા અને ભારતને પરમાણુ ઉર્જા ક્ષેત્રે સર્વોચ્ચ સ્થાન અપાવ્યું.

**મનમોહન સિંહે નાણાપ્રધાન બનવાના પ્રસ્તાવને 'મજાક' ગણાવ્યો હતો, મનમોહન સિંહની નાણાપ્રધાન તરીકે નિમણૂક પાછળની અપ્રસિદ્ધ વાત ખૂબ જ રસપ્રદ છે. પૂર્વ પીએમ ડો.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં નિધન થયું હતું. સાંજે બેભાન થયા બાદ તેમને એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. મનમોહન સિંહ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. જો કે મનમોહન સિંહ સાથે જોડાયેલી ઘણી વાતો છે, પરંતુ અમેરિકા સાથે પરમાણુ કરાર પર અડગ રહેલા પૂર્વ પીએમની વારંવાર ચર્ચા થતી રહે છે.**

## શબ્દ સંજોગ-૧૯૨૬



**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજ્ય (૩)
(૩) એક વિલાયતી ધાન્ય (૨)
(૫) નવાઈ, આશ્ચર્ય (૩)
(૬) વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ (૩)
(૮) મૂળ ઉપરથી ઉતારેલુ બીજુ લખાણ (૩)
(૧૦) પરમાણુનો ઘન-વિજાણુ (૩)
(૧૧) બેત, લાગ (૨)
(૧૨) નવલુ (૩)
(૧૪) હસ્તી, ગજ (૨)
(૧૫) જનની, જનેતા (૧)
(૧૮) તાલાવેલી, છલંગ (૩)
(૨૦) નકદ, કેશ (૩)
(૨૨) લગભગ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલુ એ અંગ્રેજી વજન (૩)
(૨૩) વસ્ત્રનો વણાટ (૨)
(૨૪) એક હિંસક પ્રાણી (૨)
(૨૫) એક પ્રખ્યાત મોઘલ બાદશાહ (૪)
(૨૬) વિદ્યુત શક્તિવાળી એક ધાતુ (૪)

**ઉભી ચાવી :**
(૧) બેસવાની જગા (૩)
(૨) રાજાનું નિવાસસ્થાન (૩)
(૩) તલ્લીન, તન્મય (૪)
(૪) આંખનો ચાળો (૨)
(૬) વન, જંગલ (૩)
(૭) મુસાફરી, ટપ્પો (૩)
(૯) એક જાતનું હલકુ કઠોળ (૩)
(૧૧) અંગૂઠાના ટેરવાથી તે ટચલી આંગળીના ટેરવા સુધીનું અંતર (૨)
(૧૩) માયાળુ, સ્નેહાળ (૩)
(૧૪) જાવકની ખાતાવાર નોંધ (૩)
(૧૬) પ્રકાર, રીત (૨)
(૧૭) હોડ, કરાર (૩)
(૧૮) એ તેલી બી (૨)
(૧૯) ઢોલ જેવુ ખાદ્ય (૪)
(૨૧) કઠણ, આકરુ (૩)
(૨૩) ગયે વર્ષે કે આવતે વર્ષે (૨)
(૨૪) એક આલ્ફાબેટ (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૫ જવાબ

**આડી ચાવી:** (૧) અમીનજર (૫) વહેર (૮) ગણવેશ (૯) મંદ (૧૦) ભૂપ (૧૨) ભાત (૧૩) તિથિ (૧૪) સ્વરકાર (૧૭) કવિ (૧૯) ખેરાત (૨૧) જયારે (૨૩) વાંક (૨૪) શ્વાન (૨૬) લમસ (૨૯) સમાન (૩૧) વાયરો (૩૩) જવ (૩૪) રોટલી. **ઉભી ચાવી:** (૧) અનુભૂતિ (૨) નગ (૩) જણ (૪) રેવવિરખે(વેરવિખેર) (૬) હેમંત (૭) રદ (૧૧) પથિક (૧૨) ભારત (૧૫) કારાવાસ (૧૬) મટક (૧૮) વિજ્યા (૨૦) વિશ્વાસ (૨૨) રેલ (૨૫) નમાજ (૨૭) મપારો (૨૮) મવાલી (૩૦) નવ (૩૨) રોડું.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૫૯૮ | ૬૬૪ |
| જુવાર સફેદ | ૭૪૦ | ૮૦૭ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૪૦ | ૪૪૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૭૫૦ |
| ચણા પીળા | ૧૦૯૦ | ૧૨૮૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૪૨૫ |
| અડદ | ૧૧૮૦ | ૧૬૬૪ |
| મગ | ૧૨૫૦ | ૧૮૫૪ |
| ચોળી | ૧૨૯૦ | ૨૪૮૦ |
| મઠ | ૬૦૦ | ૧૦૫૦ |
| કળથી | ૮૭૫ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૨૫૦ |
| તલી | ૨૦૦૦ | ૨૫૪૦ |
| સુરજમુખી | ૧૧૫૭ | ૧૧૫૭ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૨૪ |
| અજમો | ૧૮૦૦ | ૧૯૫૦ |
| સુવા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| સોયાબીન | ૭૮૧ | ૮૪૫ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૨૭૫ |
| કાળા તલ | ૩૫૦૦ | ૪૯૯૦ |
| લસણ | ૨૫૦૦ | ૪૩૦૦ |
| ધાણા | ૧૩૧૧ | ૧૫૫૧ |
| મરચા સુકા | ૧૪૫૦ | ૨૮૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૯૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૨૮ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૯૩૦ | ૧૩૧૫ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૩૦ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ગુવારનું બી | ૭૦૦ | ૯૭૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૫૦ | ૫૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૪૦૦ |
| ટમેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૮૦ | ૧૨૦ |
| કોબીજ | ૫૦ | ૯૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૨૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૬૫૦ |
| દુધી | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૨૪૦૦ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૮૦૦ | ૧૩૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૬૦ | ૩૬૦ |
| વટાણા | ૮૦૦ | ૯૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૨૦૦ | ૨૫૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૬૦ | ૮૪૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૮૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૫૯ |
| ગિરનારી શિંગ | ૧૦૭૦ | ૧૨૭૨ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૨૧૨ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૨૬૫ |
| તલ સફેદ | ૧૫૯૫ | ૨૭૫૫ |
| તલ કાળા | ૩૫૩૦ | ૪૯૮૦ |
| તલ કાશ્મીરી | ૩૧૭૦ | ૩૨૫૦ |
| બાજરો | ૪૦૦ | ૫૬૨ |
| જુવાર | ૭૫૧ | ૧૦૨૨ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૯૧ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૬૫૧ |
| અડદ | ૧૦૦૮ | ૧૫૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૬૬ |
| તુવેર | ૧૦૩૬૦ | ૧૫૫૮ |
| કપાસ | ૮૪૦ | ૧૪૭૨ |
| એરંડા | ૧૧૧૫ | ૧૨૦૯ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૪૯૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૩૮૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૮ |
| રજકાના બી | ૩૯૦૦ | ૫૦૦૦ |
| મરચા લાંબા | ૬૭૦ | ૨૪૮૦ |
| વરીયાળી | ૧૧૬૫ | ૧૭૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૪૦ | ૫૨૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૪૫૦ | ૫૬૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૫૦ | ૬૪૦ |
| દૂધી | ૧૦૦ | ૨૬૦ |
| કારેલા | ૬૪૦ | ૯૨૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૬૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૪૦ | ૧૨૪૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૮૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૨૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૫૧ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૭૨૪ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૧૭૧ |
| સિંગદાણા જાડા | ૧૨૮૧ | ૧૩૮૧ |
| સિંગ ફાડીયા | ૮૨૧ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૨૨૬ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૬૮૧ |
| વરીયાળી | ૧૩૩૧ | ૧૪૧૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૭૧ |
| લસણ સુકું | ૧૮૦૧ | ૪૨૨૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૪૬૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૮૧ |
| મઠ | ૭૮૧ | ૮૪૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૮૨૧ |
| રાયડો | ૮૩૧ | ૧૦૦૧ |
| મેથી | ૮૨૧ | ૧૧૦૧ |
| કાંગ | ૫૫૧ | ૧૨૦૦ |
| મરચા | ૫૦૧ | ૨૯૦૧ |
| મગફળી જાડી | ૬૨૬ | ૧૧૯૧ |
| સફેદ ચણા | ૧૨૬૧ | ૨૪૨૬ |
| ઇસબગુલ | ૭૦૦ | ૧૯૨૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૧૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૩૮૬ |
| બાજરો | ૫૦૦ | ૫૪૧ |
| જુવાર | ૫૨૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૯૧ | ૫૫૧ |
| મગ | ૧૦૯૧ | ૧૭૫૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૩૨૬ |
| વાલ | ૩૮૧ | ૧૧૪૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૨૧૦૧ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૭૦૧ | ૮૪૬ |
| ગોગળી | ૭૪૧ | ૮૯૧ |
| **ગોંડલા(શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| મરચા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૮૦ | ૩૦૦ |
| દુધી | ૧૭૦ | ૨૮૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૬૦ | ૨૪૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૫૦ | ૫૬૦ |
| અંબાળા | ૫૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૬ | ૧૨ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૧૫ | ૨૫ |
| સરગવો પુરા | ૨૫ | ૩૫ |
| ચોરા | ૪૦૦ | ૯૦૦ |
| કારેલા | ૫૦૦ | ૯૦૦ |
| વાલોર | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૮૦ | ૩૨૦ |
| લસણ પુરા | ૪૦ | ૫૦ |
| પાલક પુરા | ૫ | ૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૦૪ |
| કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૩૮૦ |
| મગફળી જીરું૦ | ૧૦૯૦ | ૧૧૭૦ |
| મગફળી બીટી | ૯૪૫ | ૧૦૬૫ |
| અડદ | ૧૧૩૫ | ૧૨૯૫ |
| ઘઉં | ૫૩૦ | ૬૧૦ |
| તલ સફેદ | ૧૯૧૦ | ૨૦૫૦ |
| જીરૂ | ૩૯૭૫ | ૪૩૯૫ |
| સોયાબીન | ૭૬૯ | ૭૯૧ |
| ચણા | ૧૧૮૫ | ૧૨૩૫ |
| તુવેર | ૧૨૮૦ | ૧૬૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૦૮૬ | ૨૫૭૫ |
| જીરૂ | ૩૯૨૫ | ૪૩૫૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૫૦ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૦ |
| બાજરો | ૪૫૦ | ૬૮૦ |
| જુવાર | ૫૦૦ | ૮૦૦ |
| અડદ | ૧૦૧૧ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૫૨ |
| સોયાબીન | ૭૦૫ | ૮૦૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૧૦ | ૧૪૧૪ |
| મગફળી | ૭૦૧ | ૧૧૫૧ |
| ઘઉ | ૫૬૧ | ૫૭૭ |
| ચણા | ૧૧૭૭ | ૧૨૩૦ |
| તુવેર | ૧૩૫૫ | ૧૩૫૫ |
| સોયાબીન | ૬૮૧ | ૮૦૩ |
| એરંડા | ૧૧૫૬ | ૧૧૫૬ |
| શીંગફાડા | ૧૦૦૫ | ૧૦૭૫ |
| મગ | ૧૪૫૦ | ૧૫૭૬ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૦૭ |
| બાજરો | ૫૯૧ | ૫૯૧ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| મગફળી | ૬૩૦ | ૯૭૦ |
| ચણા | ૧૨૦૯ | ૧૪૨૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૦૫ |
| ધાણા | ૧૨૮૦ | ૧૩૯૦ |
| અડદ | ૯૬૦ | ૧૨૮૦ |
| શીંગદાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| તલ કાશ્મીરી | ૩૦૮૦ | ૩૦૮૦ |
| લસણ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૬૫ | ૧૪૭૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| જુવાર પીળી | ૩૦૧ | ૩૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| ધાણા | ૧૦૦૨ | ૧૦૦૨ |
| અડદ | ૮૮૧ | ૮૮૧ |
| ઘઉં | ૫૬૦ | ૫૬૦ |
| મગ | ૨૫૦૧ | ૨૫૦૧ |
| સૂર્યમુખી | ૭૦૦ | ૭૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૬ |
| ઘઉ | ૪૫૦ | ૬૦૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૩૬ |
| અડદ | ૮૪૦ | ૧૫૫૬ |
| મગફળી | ૭૦૧ | ૧૦૫૧ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૦૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૩૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરું૦ | ૯૮૦ | ૧૧૫૦ |
| મગફળી ૩૨નં. | ૯૦૦ | ૧૦૬૦ |
| બાજરી હાઈબ્રીડ | ૫૦૦ | ૫૬૪ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૫૦ | ૬૫૪ |
| જુવાર | ૬૫૦ | ૮૪૪ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| મગ | ૧૨૫૦ | ૧૬૧૨ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૪૧ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૩૪૩ |
| સોયાબીન | ૭૬૪ | ૮૫૮ |
| કપાસ | ૧૩૬૦ | ૧૪૪૭ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૩૩ | ૧૨૯૧ |
| શીંગ ૩૨ | ૯૬૭ | ૧૦૫૦ |
| શીંગ ૩૯ | ૯૫૨ | ૧૧૪૨ |
| શીંગ જી ૨૦ | ૧૦૪૯ | ૧૧૪૯ |
| જુવાર | ૪૦૦ | ૯૩૬ |
| બાજરી | ૪૫૦ | ૬૪૭ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૮૧ |
| અડદ | ૯૦૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૭૭૫ | ૭૯૫ |
| તલ સફેદ | ૧૯૯૦ | ૨૪૯૯ |
| લસણ | ૩૨૬૫ | ૩૨૬૫ |
| ડુંગળી લાલ | ૧૫૫ | ૫૫૬ |
| ડુંગળી સફેદ | ૨૧૪ | ૫૦૧ |
| કપાસ શંકર | ૧૨૦૧ | ૧૪૪૧ |
| નાળીયેર | ૫૨૬ | ૨૪૭૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૭૪ | ૧૪૮૧ |
| કપાસ સી ગ્રેડ | ૬૦૬ | ૬૦૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૨૦ | ૧૧૪૬ |
| તલ સફેદ | ૧૯૮૧ | ૧૯૮૧ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૪૪૫ |
| તલપીળા | ૩૨૦૧ | ૩૨૦૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૫ |
| બાજરો | ૫૧૦ | ૫૭૦ |
| ઘઉટુકડા | ૪૮૫ | ૬૭૩ |
| જુવાર | ૪૫૦ | ૮૨૧ |
| મગ | ૧૩૦૦ | ૧૫૭૫ |
| અડદ | ૯૮૦ | ૧૮૯૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૫૦૦ | ૫૩૦ |
| ઘઉં | ૫૩૨ | ૬૪૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૨૫૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૭ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૮૦ |
| તલ | ૧૮૦૦ | ૧૯૫૦ |
| લસણ | ૨૦૦૦ | ૪૫૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૨૦ |
| અજમો | ૧૫૦૦ | ૪૦૦૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૩૫ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૫૨૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ કલા-મહાકુંભ ૨૦૨૪માં અગ્ર સ્થાન મેળવ્યું

**ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા**




અમરેલી,તા.૨૭

અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળા, ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ ૨૦૨૪ આયોજિત સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તાલુકાકક્ષાની વિવિધ શાળાઓમાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં કેમ્પસના સોલંકી ઈશા વલ્લભભાઈએ નિબંધ સ્પર્ધામાં પ્રથમ, દુધરેજીયા જન્મેય કુલદીપભાઈએ એકપાત્ર અભિનયમાં તૃતીય અને દેવમુરારી દીપ જનકભાઈએ હાર્મોનિયમ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નોંધનીય છે કે સંસ્થા દ્વારા સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધાલક્ષી નિઃશુલ્ક ટ્રેનિંગ આપવામાં આવે છે. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓને વસંતભાઈ ગજેરા સહિતનાઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# જાફરાબાદના માછીમાર બોટ એસોસિએશનની ડીપ સી ડિસ્પોઝલ પાઈપલાઈન પ્રોજેક્ટ રદ કરવા માંગણી

**વડાપ્રધાન-મુખ્યમંત્રીને સંબોધીને પત્ર દ્વારા પ્રોજેક્ટની અસર અંગે ચિંતા વ્યક્ત કરી**

જાફરાબાદ,તા.૨૭

જાફરાબાદના ખારવા માછીમાર બોટ એસોસિએશન હોદ્દેદારોએ સ્થાનિક મામલતદારના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને સૌરાષ્ટ્રનાં માછીમારો અને દરિયાઈ જીવસૃષ્ટિનાં અસ્તિત્વ માટે જોખમ રૂપ જેતપુર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ ઉદ્યોગનાં કેમિકલયુક્ત પાણીનાં નિકાલ માટે "ડીપ સી ડિસ્પોઝલ પાઈપલાઈન પ્રોજેક્ટ" રદ કરવા માગણી કરી છે. એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે ફેક્ટરીઓને ભાદર નદી તથા અમદાવાદની સાબરમતી નદીમાં કેમિકલયુક્ત પાણી નાખવાનું બંધ કરવાનો આદેશ કર્યો હતો. ત્યાર પછી સરકારે ઉદ્યોગોને આ કેમિકલયુક્ત પાણી પ્રોપર ટ્રીટ કરી રીયુઝના આદેશ કરવાના બદલે તેને રાજ્યના સમુદ્રમાં નાખવા "ડીપ સી ડિસ્પોઝલ પાઈપલાઈન પ્રોજેક્ટ"ની પરવાનગી આપી હતી. આથી રાજ્યનાં માછીમાર પરિવારોની આજીવિકા સાથે સમગ્ર દરિયાઈ જીવસૃષ્ટિના અસ્તિત્વ પર મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. જેતપુરમાં બે હજારથી વધુ ડાઈંગ અને પ્રિન્ટીંગની ફેકટરીઓ આવેલ છે. આ તમામ ફેક્ટરીઓનો કેમિકલ વેસ્ટ સમુદ્રમાં જતા સમગ્ર રાજ્યનો કાંઠા વિસ્તાર મત્સ્ય વિહોણો બની જશે. આ ઉપરાંત ખોરાકમાં ઉપયોગમાં લેવાતી માછલીઓ તેનાથી પ્રભાવિત થતા લાખો પરિવારો ભયંકર અસાધ્ય રોગોનાં શિકાર બની શકે છે.

# રાજકોટમાં આજીડેમ ચોકડી નજીક કન્ટેનરની અડફેટે વિદ્યાર્થિનીનું મોત

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૭

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ત્યારે રાજકોટના આજીડેમ ચોકડી નજીક અકસ્માત સર્જાયો હતો. માર્કેટ યાર્ડ સર્વિસ રોડ ઉપર કન્ટેનરે વિદ્યાર્થિનીને અડફેટે લીધી હતી. માર્કેટ યાર્ડ નજીક આવેલી સ્કૂલથી વિદ્યાર્થિની ઘરે પરત આવતી હતી, તે સમયે આ દુર્ઘટના બની હતી. અકસ્માત થતા જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી પણ વિદ્યાર્થિનીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બીજી તરફ રાજકોટના કાલાવડ રોડ પર સ્કૂલ બસે અકસ્માત સર્જ્યો હતો. કણકોટ પાટીયા નજીક ઈનોવેટીવ સ્કૂલની બસના ડ્રાઈવરે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા બસ થાંભલા સાથે અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ બાળકો અને એક મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી. જેમાં અકસ્માતને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો.

# બાબરા તાલુકાના ત્રંબોડા ગામે ૪૦ લાખના ખર્ચે નવો સી.સી. રોડ મંજૂર

**લાઠી-બાબરા-દામનગર પંથકમાં વિકાસ કાર્યોની હારમાળા, ત્રંબોડા-નડાળા રોડ મંજૂર થતાં સ્થાનિકોમાં ખુશીનો માહોલ**

લાઠી,તા.૨૭



લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયત્નોથી વિસ્તારમાં એક પછી એક વિકાસના કાર્યો થઈ રહ્યા છે. બાબરા તાલુકાના ત્રંબોડા ગામે ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ, સી.સી. રોડ લાઠી, બાબરા અને દામનગર પંથકમાં અનેક રસ્તાઓના કામો પણ મંજૂર કરવામાં આવ્યા છે, જેનાથી સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. બાબરા તાલુકાના ત્રંબોડાથી નડાળા સુધીનો રોડ ઘણા સમયથી ખરાબ હાલતમાં હતો અને સ્થાનિક લોકો દ્વારા તેની મરામતની માંગણી કરવામાં આવી રહી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ બાબતને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૪૦ લાખના ખર્ચે આ રોડને મંજૂર કરાવ્યો છે.

આ રોડના નિર્માણથી ત્રંબોડા અને આજુબાજુના વિસ્તારોના લોકોને આવનજાવનમાં ઘણી સુગમતા રહેશે.

# ઉત્તરાયણ દરમિયાન સવારના સમયે સારો પવન રહેશે : અંબાલાલની આગાહી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૭

પતંગ રસીયાઓને ઉત્તરાયણને લઈ ખુશીનાં સમાચાર મળી રહ્યા છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ઉત્તરાયણનાં દિવસે પવનને લઈ મોટી આગાહી કરી છે. ઉત્તરાયણનાં દિવસે પવન સારો રહેવાની શક્યતા છે. તેમજ આગામી તા. ૧૫ જાન્યુઆરીએ પણ પવનની ગતિ સારી રહેશે. દિવસ દરમ્યાન ક્યારેક પવન ઘટવાની શક્યતાઓ છે. વાસી ઉત્તરાયણના દિવસે પવન રહેશે. ઉત્તરાયણ દરમિયાન ઠંડા પવનો વહેશે. તેમજ ૧૩ જાન્યુઆરી પછી રાજ્યનાં વાતાવરણમાં પલ્ટો આવશે. ઉપરાંત તેમણે આગાહી કરી છે કે, ઉતર ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે, તો મહીસાગર, પંચમહાલ સહિતના મધ્ય ગુજરાતના ભાગોમાં પણ માવઠાની સંભાવના રહેશે. આગામી બે દિવસ આણંદ, નડિયાદ, વડોદરામાં વરસાદનું જોર વધશે. જયારે દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની સંભાવના રહેશે.

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાયો


સુરત,તા.૨૭




સુરતમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા દર ગુરૂવારે વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાય છે. થર્સ-ડે થોટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, પ્રતિકૂળતામાં માણસ મુંજાય તે સ્વાભાવિક છે, પરંતુ પ્રતિકૂળતા માણસને ઘડે છે. પ્રતિકૂળતા માણસને મુંજવે છે. પરંતુ પ્રયત્નશિલ રહેવું તે ખરો ઉકેલ છે. સૌરાષ્ટ્રમાં સુકી ખેતી, પાણીની અછત અને વારંવાર દુષ્કાળની પરિસ્થિતિને કારણે એટલે કે પ્રતિકૂળતાને કારણે લાખો સૌરાષ્ટ્રવાસીઓ સુરત આવ્યા છે. તેઓએ સુરતમાં આવી શૂન્યમાંથી સર્જન કર્યું છે. સામાન્ય રત્નકલાકારમાંથી યુવા ઉદ્યોગસાહસિક બનેલ નીતિનભાઈ કાળુભાઈ દેસાઈ ઓળિયાવાળા તથા તેમના પત્ની આશાબેન, કુંકાવાવ તાલુકાના દેવગામથી લાલજીભાઈ પાનશેરીયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દેવગામ ખાતે વાડી નિર્માણમાં બે વિઘા જમીનનું દાન આપ્યુ છે. ગત ગુરૂવારનો વિચાર ડો. અજયભાઈ દેસાઈએ રજૂ કર્યો હતો. જયારે કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ તથા અંકિત સુરાણીએ કર્યું હતું.

# ટેક્સટાઈલના ઝેરી પાણી મુદ્દે કોડીનારના માછીમારોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

કોડીનાર, તા. ૨૭



કોડીનારના માઢવાડ બંદરના ખારવા સમાજ તેમજ કોળી સમાજના માછીમારોએ પોતાના ધંધા રોજગાર બંધ પાળ્યા હતા અને ફિશીંગ બંધ કરીને એક વિશાળ રેલી યોજી હતી. આ રેલી દ્વારા જેતપુરના ટેક્સટાઈલ ઉદ્યોગના ઝેરી પાણીને પોરબંદરના સમુદ્રમાં ઠાલવવાની યોજનાનો વિરોધ કરવામાં આવ્યો હતો અને કોડીનાર મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સામાન્ય રીતે ચોમાસા અને સાયક્લોનના સમયે દરિયામાં ફિશીંગ બંધ કરવામાં આવે છે, પરંતુ આજે ન તો ચોમાસાની સિઝન છે કે ન તો સમુદ્રમાં તોફાન, છતાં સમુદ્રમાં માછીમારો દ્વારા ફિશીંગ બંધ રાખવામાં આવ્યું હતું. માઢવાડ બંદરથી કોડીનાર સુધી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માઢવાડ સમસ્ત ખારવા સમાજના પટેલ લાલજીભાઈ લખમભાઈ ગોહેલ તેમજ માઢવાડ કોળી સમાજના પટેલ કાલિદાસભાઈ ભગવાનભાઈ વંશની આગેવાની હતી. રેલી બાદ કોડીનાર મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# બગસરામાં જિલ્લાના ૫૮ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓએ રાજ્ય પુરસ્કારની પરીક્ષા આપી

અમરેલી,તા.૨૭




ગુજરાત રાજ્ય ભારત ગાઈડ સંઘ દ્વારા અમરેલી જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની રાજ્ય પુરસ્કારની પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં ઉતીર્ણ થનાર સ્કાઉટ ગાઈડને ગાંધીનગર મુકામે રાજભવનમાં રાજ્યપાલના હસ્તે એવોર્ડ આપવામાં આવે છે. આ ટેસ્ટિંગ કેમ્પમાં રાજ્યના આયોજક કમિશનર ભીખાલાલ સિદ્ધપરા, અમરેલી જિલ્લાના મંત્રી પંકજભાઈ મહેતા, જિલ્લા ગાઈડ કમિશનર દીપાબેન ગોહિલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જિલ્લાના કુલ ૫૮ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ રાજ્ય પુરસ્કારની પરીક્ષા આપી હતી તેમ આચાર્ય વિનોદ જેઠવાએ જણાવ્યું હતું.

# રાજકોટમાં ચરસનો વેપલો કરતા બે શખ્સ ઝડપાયા, રૂ. ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૨૭

હાલમાં જ રાજકોટ પોલીસની એસઓજી ટીમે ભાવનગર રોડ પર રિક્ષામાં નશીલા પદાર્થ સાથે બેઠેલા બે શખ્સને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી લાખોની કિંમતનો ચરસનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ પોલીસની એસઓજી ટીમને માહિતી મળી હતી કે, ભાવનગર રોડ પર શાળા નં. ૧૩ પાસે રિક્ષામાં બેઠેલા બે શખ્સ પાસે માદક પદાર્થનો જથ્થો છે. જેથી બાતમી મળતાં જ પીઆઈ સંજયસિંહ જાડેજા સહિતની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે રિક્ષાની તપાસ કરતા શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો મળ્યો હતો. એફએસએલ નિષ્ણાતને બોલાવતા તેમણે આ જથ્થો ચરસનો હોવાનું સ્પષ્ટ કરી દીધું હતું.

# ધારી વકીલ મંડળમાં સિદ્ધાર્થભાઈ ભગત બિનહરીફ ખજાનચી તરીકે ચૂંટાયા

ચલાલા,તા.૨૭



અમરેલી જિલ્લા કાઠી-ક્ષત્રિય સમાજના સંગઠન મંત્રી, યુવા ઉત્સાહી અને સરળ સ્વભાવના વરિષ્ઠ યુવા એડવોકેટ સિદ્ધાર્થભાઈ બાવકુભાઈ ભગત તાજેતરમાં થયેલી વકીલ મંડળની ચૂંટણીમાં તમામ વકીલ મિત્રોના સ્નેહ, પ્રેમ અને અપાર લાગણીથી બિનહરીફ ખજાનચી તરીકે પસંદગી પામ્યા છે. આ સમાચારથી તેમના સગાંસ્નેહીઓ, વકીલ પરિવાર, રાજકીય અને સામાજિક આગેવાનો સહિત તેમના મિત્ર વર્તુળમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. આ પ્રસંગે પૂજ્ય દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીર બાપુએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ વકીલ મંડળના પ્રમુખ વનરાજભાઈ વાળા, પૂર્વ સદસ્ય ચાંપરાજભાઈ ધાધલ, વરિષ્ઠ આગેવાન પ્રકાશભાઈ કારીયા સહિત સિનિયર અને જુનિયર વકીલ મિત્રોએ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં વીર બાળ દિવસની ઉજવણી

રાજુલા,તા.૨૭



શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાજુલાના યુનિટ-૧ અને યુનિટ-૨ દ્વારા વીર બાળ દિવસની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે વીર બાળ દિવસના ઈતિહાસ અને મહત્વ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. સનાબેન લાખાણી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે કાર્યક્રમને સુચારુ રીતે આગળ ધપાવ્યો હતો. કાર્યક્રમના અંતે પ્રા. ધારાબેન ખીમસુરીયાએ આભારદર્શન કર્યું હતું અને તમામનો આભાર માન્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જાગૃતિબેન તેરૈયા અને પ્રા. ભગવતીબેન વડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન અને જહેમતથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# કોડીનાર મૂળદ્વારકા રોડ પર ભંગારના ડેલામાં આગ : જાનહાનિ નહીં



કોડીનાર તા.૨૭

કોડીનાર મૂળદ્વારકા રોડ પર ટેસ્ટી નગર પાસે આવેલ ભંગારના ડેલામાં અચાનક આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, કોડીનાર મૂળદ્વારકા રોડ પર ટેસ્ટી નગર પાસે આવેલ ભંગારના ડેલામાં વહેલી સવારે અકસ્માતે આગ લાગતા બાઈક અને પ્લાસ્ટિક સહિતના સામાનમાં આગ પ્રસરી જતાં જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ડેલામાં ભીષણ આગના પગલે આસપાસના લોકોએ ફાયર ફાઈટરોને જાણ કરતા ફાયરના બંબા તુરંત જ ઘટના સ્થળે પહોંચ્યા અને પાણીનો મારો ચલાવી એક કલાક બાદ આગને કાબૂમાં લીધી હતી.

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

મુ.રાજુલા.
જન્મ/મરણ અરજી નંબર/૪૭૧/૨૦૨૪

અરજદાર :- શ્રી લાડુમોર બચુભાઈ છગનભાઈ
સરનામુ :- રહે.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી -કમ- મંત્રીશ્રી,ડુંગર
તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના ડુંગર** ગામના શ્રી **લાડુમોર બચુભાઇ છગનભાઇએ** તેમના પોતાની **જન્મ તા.૧૯/૦૯/૧૯૫૭** ના રોજ ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી પી.પી.સરવૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૯..માહે...નવેમ્બર..સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**તાલુકા એકઝીકયેટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**સ્થળ:- રાજુલા**
**તારીખ:.૨૯/૧૧/૨૦૨૪**

# પંજાબના ભટીંડામાં ખાનગી બસ નહેરમાં ખાબકતા ૮ લોકોના મોત


ભટિંડા, તા.૨૭



પંજાબના ભટિંડામાં ૨૭ નવેમ્બરે ભીષણ અકસ્માત થયો હતો. અહીં એક ખાનગી કંપનીની બસ નહેરમાં ખાબકી હતી, જેમાં આઠ લોકોના દર્દનાક મોત થયા હતા જ્યારે અનેક લોકોને ઈજા થઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઈજાગ્રસ્તોને તુરંત હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પોલીસે કહ્યું કે, મૃતદેહો બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા હતા. મળતા અહેવાલો મુજબ ખાનગી કંપનીની બસ ભટિંડાના કોટશમીર રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે ડ્રાઈવરે અચાનક બસ પરનો કાબુ ગુમાવતા બસ નહેરમાં ખાબકી હતી, જેમાં આઠ લોકોના દર્દનાક મોત થયા હતા અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક વહિવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યારે એનડીઆરએફની ટીમે પુરજોશમાં બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. પોલીસ દુર્ઘટના સર્જાવાના કારણોની તપાસ કરી રહી છે.

# દિલ્હીના અનેક ભાગમાં હળવો વરસાદ પડતા ઠંડીનો ચમકારો વધ્યો

નવીદિલ્હી,તા.૨૭



રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના ઘણા ભાગોમાં શુક્રવારે સવારે હળવો વરસાદ થયો હતો. નોઈડામાં ઘણી જગ્યાએ કરા સાથે ભારે વરસાદ થયો હતો. આ સિવાય એનસીઆરના અન્ય ભાગોમાં પણ ઝરમર વરસાદ પડ્યો છે. દિલ્હી-એનસીઆરમાં વરસાદ અને કરાને કારણે ઠંડી વધી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શુક્રવારે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી નોંધાયું હતું.

સવારે ૨:૩૦ થી સવારે ૫:૩૦ વાગ્યાની વચ્ચે દિલ્હીમાં ૧.૮ મિલીમીટર (મીમી) વરસાદ નોંધાયો હતો અને ત્યારથી સવારે ૮:૩૦ વાગ્યા સુધી ૭.૩ મીમી વરસાદ નોંધાયો હતો. પાલમ વેધર સ્ટેશનમાં ૧૧.૩ મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે લોધી રોડ પર ૬.૮ મીમી અને પુસામાં ૫.૫ મીમી વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગે શુક્રવાર અને શનિવારે દિલ્હીમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. સ્થાનિક રહેવાસી દીપક પાંડેએ જણાવ્યું કે હવામાન સારું થઈ ગયું છે અને કાશ્મીર જેવું લાગે છે. તમને જણાવી દઈએ કે દિલ્હી સિવાય આજે સવારે યુપી, ગુજરાત, રાજસ્થાન અને હરિયાણા સહિત ઘણા રાજ્યોમાં વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે કહ્યું કે આગામી ૨૪ કલાક દરમિયાન આ રાજ્યોમાં વરસાદ પડી શકે છે.

# ભારતના દુશ્મન લશ્કરના આતંકી હાફિઝ અબ્દુલ રહેમાન મક્કીનું મોત

નવીદિલ્હી,તા.૨૭



ભારતના દુશ્મન અને વોન્ટેડ લશ્કરના આતંકવાદી હાફિઝ અબ્દુલ રહેમાન મક્કીનું પાકિસ્તાનમાં મોત થયું છે. હાફિઝ અબ્દુલ રહેમાન મક્કીનું શુક્રવારે હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું. તે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ આતંકવાદી હાફિઝ સઈદનો સાળો અને પ્રતિબંધિત જમાત-ઉદ-દાવાનો ડેપ્યુટી ચીફ હતો. જમાત-ઉદ-દાવા અનુસાર, અબ્દુલ રહેમાન મક્કી છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતો અને લાહોરની એક ખાનગી હોસ્પિટલમાં હાઈ ડાયાબિટીસની સારવાર લઈ રહ્યો હતો. JUDના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, 'મક્કીને આજે સવારે હાર્ટ એટેક આવ્યો અને હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું.

# નવા વર્ષ ૨૦૨૫માં બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ, ભારતમાં માત્ર એક જ દેખાશે

નવીદિલ્હી,તા.૨૭



નવા વર્ષમાં એટલે કે ૨૦૨૫ માં, સૂર્ય, પૃથ્વી અને ચંદ્રની ગતિ વિશ્વને બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણના રોમાંચક દ્રશ્યો બતાવશે. જો કે, ઉજ્જૈનની પ્રતિષ્ઠિત વેધશાળાની આ આગાહી ભારતના ખગોળશાસ્ત્ર પ્રેમીઓને નિરાશ કરી શકે છે કે આમાંથી માત્ર એક જ ગ્રહણ દેશમાં દેખાશે.

સરકારી જીવાજી વેધશાળાના અધિક્ષક ડૉ. રાજેન્દ્ર પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે નવા વર્ષમાં ગ્રહણની શ્રેણી ૧૪ માર્ચે પૂર્ણ ચંદ્રગ્રહણ સાથે શરૂ થશે. ગુપ્તાએ કહ્યું, 'નવા વર્ષનું આ પ્રથમ ગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં, કારણ કે આ ખગોળીય ઘટના સમયે દેશમાં દિવસનો સમય હશે. આ ખગોળીય ઘટના અમેરિકા, પશ્ચિમ યુરોપ, પશ્ચિમ આફ્રિકા અને ઉત્તર અને દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં જોવા મળશે.

જીવાજી વેધશાળાના અધિક્ષક ડો. ગુપ્તાએ જણાવ્યું હતું કે ૨૯ માર્ચે થનારું આંશિક સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં.


# પૂર્વપ્રધાનમંત્રી મનમોહન સિંહના નિધન પર હિમાચલમાં બે દિવસની રજા જાહેર કરાઈ

(એચ.એસ.એલ),શિમલા,તા.૨૭

દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના નિધન પર હિમાચલ પ્રદેશે રાજ્યમાં ૨૭ અને ૨૮ ડિસેમ્બરે બે દિવસની રજા જાહેર કરી છે. આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારની તમામ કચેરીઓ, બોર્ડ, નિગમો અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. આ ઉપરાંત દૈનિક વેતન કર્મચારીઓને પણ આ દિવસો માટે પગારની સાથે રજા આપવામાં આવશે. હિમાચલ પ્રદેશના ગૃહ વિભાગના સંયુક્ત સચિવ પ્રવીણ કુમાર ટાક દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં લખવામાં આવ્યું છે કે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર કેન્દ્ર સરકાર દ્વારા ૨૬ ડિસેમ્બરથી સાત દિવસનો રાજ્ય શોક જાહેર કરવામાં આવ્યો છે. સરકારની જાહેરાત બાદ શાળા-કોલેજો અને સરકારી કચેરીઓના કર્મચારીઓ પોતપોતાના ઘરે જવા રવાના થયા હતા.

# અયોધ્યામાં રામમંદિરના પૂજારીઓ માટે ડ્રેસ કોડ જાહેર, બે વસ્ત્રોના સેટ આપવામાં આવ્યા

લખનૌ,તા.૨૭



રામલલાના પૂજારીઓ હવે પિતાંબરી પહેરશે અને દરરોજ રામલલાની પૂજા કરશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા પૂજારીઓ માટે ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે. પૂજારી પીળી ચૌબંધી અને સફેદ ધોતી પહેરશે. આ ડ્રેસ કોડ ૨૫ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવ્યો છે. ટ્રસ્ટ દ્વારા તમામ પૂજારીઓને વસ્ત્રોના બે સેટ પણ આપવામાં આવ્યા છે.

રામ મંદિરમાં મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ સહિત કુલ ૧૪ પૂજારી કામ કરી રહ્યા છે. પૂજારીઓ પર પહેલાથી જ મલ્ટીમીડિયા ફોનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે તમામ પૂજારીઓ માટે ડ્રેસ કોડ પણ લાગુ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી પૂજારીઓ માટે ડ્રેસ કોડ ફરજિયાત ન હતો, પૂજારીઓ અલગ-અલગ પોશાક પહેરીને આવતા હતા. રામ મંદિરમાં પૂજા કરવા માટે ૧૪ પૂજારીઓને સાત-સાત પૂજારીના બે જૂથમાં વહેંચીને તેમની ફરજ સોંપવામાં આવી છે.

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર મોદી કેબિનેટે શોક પ્રસ્તાવ પસાર કર્યો

નવીદિલ્હી,તા.૨૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહની યાદમાં શોક ઠરાવ પસાર કર્યો છે. કેબિનેટે ગુરુવારે બે મિનિટનું મૌન પાળીને ડૉ.મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના નિધન પર ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી સાત દિવસનો રાજ્ય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ શોકના સમયગાળા દરમિયાન દેશભરમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રહેશે. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી સાત દિવસ માટે વિદેશમાં તમામ ભારતીય મિશન/ઉચ્ચ આયોગમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રહેશે. ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે. અંતિમ સંસ્કારના દિવસે તમામ કેન્દ્રીય સરકારી કચેરીઓ અને કેન્દ્રીય જાહેર ઉપક્રમોમાં અડધા દિવસની રજા જાહેર કરવામાં આવશે. કેબિનેટ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હી ખાતે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

# એસ.જયશંકરે અમેરિકન એનએસએ જેક સુલિવાન સાથે વૈશ્વિક વિકાસની ચર્ચા કરી

વોશિગ્ટન,તા.૨૭



અમેરિકાના છ દિવસના પ્રવાસે ગયેલા વિદેશ મંત્રી એસ. જયશંકર યુએસ નેશનલ સિક્યુરિટી એજન્સીના વડા જેક સુલિવાનને મળ્યા હતા. જ્યાં બંને નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર ચર્ચા કરી હતી. જયશંકરે આ મિટિંગ અંગે એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે બુધવારે વોશિંગ્ટન ડી.સી. અમેરિકન એનએસએ જેક સુલિવાનને મળીને આનંદ થયો.

જયશંકરે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે ભારત-યુએસ વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. તેમણે એમ પણ કહ્યું કે બંને નેતાઓએ વર્તમાન પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. તમને જણાવી દઈએ કે જયશંકર ૨૪ થી ૨૯ ડિસેમ્બર સુધી અમેરિકામાં છે.

# સાહિબાબાદથી આનંદ વિહાર સુધી નમો ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે પીએમ મોદી

ગાઝિયાબાદ,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સાહિબાબાદથી આનંદ વિહાર સ્ટેશન સુધી નમો ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે. તેને જોતા ગાઝિયાબાદમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમની તૈયારી માટે ગાઝિયાબાદ પોલીસે આઠ પોલીસ સ્ટેશન વિસ્તારોને ડ્રોન મુક્ત ઝોન તરીકે જાહેર કર્યા છે. વડાપ્રધાનની મુલાકાત દરમિયાન મહત્તમ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોતવાલી, મધુબન બાપુધામ, નંદગ્રામ, લિંક રોડ, સાહિબાબાદ, ઈન્દિરાપુરમ, સિહાની ગેટ અને કૌશામ્બી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ (વિક્ષેપ અથવા ભયની આશંકાના તાકીદના કેસોમાં આદેશ જારી કરવાની સત્તા)નો પણ ઉપયોગ કર્યો છે.

# ૩ જાન્યુઆરીએ દિલ્હીમાં અનેક પરિયોજનાઓનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન

ન્યુ દિલ્હી,તા.૨૭



રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ચૂંટણી પ્રચાર શરૂ થઈ ચૂક્યો છે. આગામી વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. જે પહેલા દિલ્હીની જનતાને અનેક મોટી પરિયોજનાઓની ભેટ મળશે. દિલ્હીમાં કેટલાક મોટા પ્રોજેક્ટ બનીને તૈયાર થઈ ચૂક્યા છે, જેને ટુંક સમયમાં જ જનતાની સુવિધા માટે શરૂ કરી દેવાશે. વડાપ્રધાન મોદી આ મહિને ૨૯ તારીખે રોહિણીના જાપાની પાર્કમાં આયોજિત કાર્યક્રમમાં સામેલ થશે. ત્યારબાદ ૩ જાન્યુઆરીએ શાહદરા સ્થિત સીબીટી ગ્રાઉન્ડમાં ચૂંટણી પ્રચાર કરશે. ચૂંટણી રેલી દરમિયાન તે પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરવામાં આવશે, જેનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસ-વેનું કામ ચાલી રહ્યું છે, જેનો પહેલો ફેઝ પૂર્ણ રીતે તૈયાર છે. તેનાથી યમુનાપારમાં ટ્રાફિકનું પ્રેશર ઓછું કરી શકાશે. વડાપ્રધાન મોદી તેનું ઉદ્ઘાટન કરી શકે છે.

# અલ્લુ અર્જુન વર્ચ્યુઅલ રીતે કોર્ટમાં હાજર, સંધ્યા થિયેટર સ્ટેમ્પેડ કેસમાં વચગાળાના જામીન યથાવત

હૈદરાબાદ,તા.૨૭



સંધ્યા થિયેટર નાસભાગ કેસમાં એક મહિલાનું મોત થયું હતું. જેના પર 'પુષ્પા ૨' એક્ટર અલ્લુ અર્જુન વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી. અલ્લુ અર્જુન આ કેસમાં ૨૭ ડિસેમ્બરે કોર્ટમાં હાજર થવાનો હતો. પુષ્પા એક્ટર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ પ્રેઝન્ટેશનમાં જોડાયો હતો. આ કેસમાં આરોપી નંબર ૧૧ તરીકે નામ આપવામાં આવેલ અલ્લુ અર્જુને નિયમિત જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. જેના પર ૩૦ ડિસેમ્બરે સુનાવણી થઈ શકે છે. નાસભાગના કેસમાં ૧૩ ડિસેમ્બરે ધરપકડ કરાયેલા અભિનેતા નામપલ્લી કોર્ટમાં હાજર થો, જેણે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધો. અભિનેતાની ન્યાયિક કસ્ટડી શુક્રવારે સમાપ્ત થઈ. આગળની કાર્યવાહીના ભાગરૂપે તેને કોર્ટમાં હાજર થવાનું હતું અને તે વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર થયો હતો. અલ્લુ અર્જુનને જેલમાં મોકલવામાં આવ્યા પછી તરત જ, તેલંગાણા હાઈકોર્ટે તેને ચાર અઠવાડિયા (૧૩ ડિસેમ્બરથી) માટે વચગાળાના જામીન આપ્યા અને ૧૪ ડિસેમ્બરે તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

# મેલબોર્ન ટેસ્ટમાં ભારતે ૬ રનની અંદર ત્રણ વિકેટ ગુમાવી દેતા ફોલોઓનનો ખતરો

**કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી ફરી એકવાર નિષ્ફળ**

મેલબોર્ન,તા.૨૭



મેલબોર્નમાં ચાલી રહેલી મેચના બીજા દિવસે ભારતે છેલ્લે-છેલ્લે ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ૪૦ ઓવર પછી ટીમ ઈન્ડિયાનો સ્કોર ૧૪૮/૨ હતો, જે ૪૬ ઓવર પછી ૧૬૪/૫ થઈ ગયો હતો. ભારત માટે નાઈટ વોચમેન તરીકે રમનાર આકાશ દીપ પોતાનું ખાતું ખોલાવી શક્યો નહોતો. આ પહેલા વિરાટ કોહલી (૩૬ રન) આઉટ થયો હતો. તો યશસ્વી જયસ્વાલ ૮૨ રન બનાવીને રનઆઉટ થયો હતો. રોહિત શર્મા (૩ રન) અને કેએલ રાહુલ (૨૪ રન)ને પેટ કમિન્સે પેવેલિયન મોકલ્યા હતા. સ્કોટ બોલેન્ડને ૨ વિકેટ મળી હતી.


ઓસ્ટ્રેલિયાની ઈનિંગ્સમાં સ્ટીવ સ્મિથે ૧૯૭ બોલમાં ૧૪૦ રન બનાવ્યા હતા. તેણે તેની ટેસ્ટ કારકિર્દીની ૩૪મી સદી ફટકારી હતી. ભારત સામે આ તેની ૧૧મી સદી છે.

### પારિવારીક મનદુ:ખ સામૂહિક હત્યાનું કારણ બન્યુ

# સા.કુંડલાના યુવકનો સુરતમાં પોતાના પરિવાર પર છરીથી હુમલો : પત્ની-પુત્રનું મોત

સુરત,તા.૨૭

સુરતના સરથાણામાં એક દીકરાએ સમગ્ર પરિવાર પર ઘાતકી હુમલો કર્યો છે. મૂળ સાવરકુંડલાના સ્મિત જીવાણી નામના યુવકે પત્ની-બાળકનાં ગળાં ચપ્પાથી કાપી હત્યા કરી નાખી તથા માતા-પિતાને પણ ચપ્પાના ઘા માર્યા. આ ઘટનાને અંજામ આપ્યા બાદ તેણે પોતે પણ ગળાના ભાગે ચપ્પુ મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. હાલ તો માતા-પિતા અને હુમલો કરનાર સ્મિત હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સરથાણા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. ઉલ્લેખનીય છે કે પારિવારિક મનદુ:ખના કારણે ઘરમાં ઝઘડો ચાલતો હતો, જેને લઈને આ કરુણ ઘટના બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પરિવાર મૂળ અમરેલીના સાવરકુંડલાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. ઘટનાના હાલ એક CCTV બહાર આવ્યા છે, જેમાં સ્મિતે પોતાના પરિવાર પર હુમલો કરતા લોહીલુહાણ હાલતમાં માતા



ઘરની બહાર આવી ગયાં હતાં અને આજુબાજુના લોકોને જાણ કરી હતી. ત્યાર બાદ પિતા પણ ઘરની બહાર લોહીલુહાણ હાલતમાં ઊભા હોય એવું CCTVમાં દેખાઈ રહ્યું છે. ACP વિપુલ પટેલે જાણકારી આપતાં જણાવ્યું હતું કે ૨૭ ડિસેમ્બર સવારે સરથાણા પોલીસ સ્ટેશન નજીક રાજહંસ સ્વપ્ન સૃષ્ટિ બંગલોઝ સોસાયટીમાં સૂર્યા ફ્લેટની અંદર ૮મા માળે એક વ્યક્તિએ પોતાને તથા પોતાના પરિવારને ઈજા પહોંચાડી હોવાનો કોલ મળતાં તાત્કાલિક સરથાણા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો, જ્યાં તપાસ કરતાં માલૂમ પડ્યુ હતું કે ઘર નં.૮૦૪માં રહેતા સ્મિત જીવાણીએ તેના પિતા લાભુભાઈ તથા માતા વિલાસબેન, પત્ની હિરલબેન, પુત્ર ચાહત અને પોતાને પણ ઈજા પહોંચાડી હતી, જેમાં તેનાં પત્ની અને પુત્રનાં મોત નિપજ્યાં છે, જ્યારે તેનાં માતા-પિતા અને પોતે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

**માતા-પિતાને છરીના ઘા માર્યા બાદ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો**

#### યુવક ઓનલાઈન ધંધો કરતો હતો

મૂળ સાવરકુંડલાનો પરિવાર સુરતના સરથાણા વિસ્તારમાં રહેતો હતો જયાં યુવક સ્મિત જીવાણીએ તેના જ પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટના અંગે સરથાણા પીઆઈ મીનાબા ઝાલાએ 'સંજોગ ન્યૂઝ'ને જણાવ્યું હતું કે, હત્યારો યુવક ઓનલાઈનનો ધંધો કરતો હતો જયારે મૃતક હિરલ સાવરકુંડલાના બાઢડા ગામની હતી. હાલ તો યુવકને સ્વીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જયાં તેમની હાલત ગંભીર જણાવાઈ રહી છે.

#### પારિવારીક મનદુ:ખને કારણે હિચકારી ઘટના બની

આ અંગે તપાસ કરતાં વિગત મળી છે કે હુમલો કરનારના કાકાનું થોડા દિવસ પહેલાં આકસ્મિક રીતે મૃત્યુ થયું હતું. એને પગલે રીતરિવાજ મુજબ સ્મિત તેમના ઘરે બેસવા-ઊઠવા જતો હતો. ત્યારે તેમના કાકાનાં કુટુંબીજનોને અંદરોઅંદર કંઈક મનદુ:ખને કારણે તેમણે સ્મિત અને તેના પરિવારને અમારા ઘરે આવવું નહીં અને તમારા અમારા કોઈ સંબંધ નથી એમ જણાવ્યું હતું. એનું લાગી આવતાં સ્મિતે આ બનાવને કરુણ અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. સ્મિતની હાલત વધુ ગંભીર હોવાથી તેને અલગ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

## બીઝેડ પોન્ઝી સ્કીમ કૌભાંડનો મુખ્ય આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

BZ પોન્ઝી સ્કીમના ૬૦૦૦ કરોડના કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની CID ક્રાઈમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક મહિનાથી તે ફરાર હતો. આરોપીને CIDની ટીમે મહેસાણાના દવાડા ગામની સીમમાંથી ઝડપી લીધો છે.

# મનમોહનસિંહના નિધનને કારણે કાંકરીયા કાર્નિવલ સંપૂર્ણ રદ

**મુખ્યમંત્રીના પૂર્વ નિર્ધારીત કાર્યક્રમો પણ રદ કરાયા**

અમદાવાદ,તા.૨૭

દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહનું નિધન થતાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શોકના પગલે તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. જેના પગલે અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ સંપૂર્ણ



રદની AMC દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સાથોસાથ ૧ જાન્યુઆરીથી શરૂ થનાર ફ્લાવર શોની તારીખોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કાંકરિયા લેક ફ્રન્ટ પરિસર ખાતે વિનામૂલ્યે પ્રવેશ ચાલુ રહેશે. ૨૬ ડિસેમ્બરના રોજ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે ૯૨ વર્ષની વયે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધન બાદ ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરાયો છે. જેના પગલે અમદાવાદમાં આયોજિત કાંકરિયા કાર્નિવલ પણ AMC દ્વારા સંપૂર્ણ રદ કરી દેવામાં આવ્યો છે. જ્યારે ફ્લાવર શોની તારીખમાં પણ ફેરફાર કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આજના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા છે.




## દેશમાં સીએ ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર : ગુજરાતીઓનો ડંકો

અમદાવાદ, તા.૨૭

દેશમાં સીએ ફાઈનલનું પરિણામ જાહેર થઈ ગયું છે, જેમાં ટોપ ૫૦માં ગુજરાતના ચાર વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. એમાં અમદાવાદની રિયા શાહે ઓલ ઈન્ડિયા બીજો રેન્ક મેળવ્યો છે, જ્યારે વડોદરાના નૈષદ વૈદ્યએ ઓલ ઈન્ડિયા નવમો રેન્ક મેળવ્યો છે. આ ઉપરાંત સુરતના કૃષ્ણા રાઉતે ઓલ ઈન્ડિયા ૩૬મો રેન્ક મેળવ્યો છે. આ ઉપરાંત વડોદરાની પ્રિયંકા શાહે ઓલ ઈન્ડિયા ૪૭મો રેન્ક



મેળવ્યો છે. જ્યારે સ્ટમક કેન્સરથી પરીક્ષાના બે મહિના પહેલાં પિતાને ગુમાવનાર અને સરકારી સ્કૂલમાં અભ્યાસ કરનાર પ્રશાંત શેટ્ટીએ પણ સીએ ફાઈનલની પરીક્ષા ફર્સ્ટ અટેમ્પ્ટમાં પાસ કરી છે.

**અમદાવાદની રિયા શાહે ઓલ ઈન્ડિયામાં બીજો રેન્ક મેળવ્યો**

## રાજયના અનેક જિલ્લામાં માવઠું : ખેડબ્રહ્મામાં કરા પડયા

અમદાવાદ,તા.૨૭



ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ પર સર્જાયેલી સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભરશિયાળે અષાઢના એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યાં છે. ત્યારે તા.૨૬થી જ રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં તો કમોસમી વરસાદની સાથે કરા પણ પડ્યા હતા. જ્યારે અંબાજી, નડિયાદ, અરવલ્લી સહિતના અનેક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સાબરકાંઠામાં રાત્રિ દરમિયાન ગાજવીજ સાથે વરસાદ નોંધાયો હતો. જ્યારે ખેડબ્રહ્માના દામવાસમાં તો બરફના કરા પડ્યા હતા. આઠમાંથી ચાર તાલુકામાં કમોસમી વરસાદ નોંધાતાં વરિયાળી અને બટાકાના પાકને નુકસાન થવાની શક્યતાઓ છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક માટે ગુજરાત રાજ્યમાં અષાઢી વાતાવરણની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

## PMJY કાર્ડ એપ્રુવ કરનાર આરોગ્ય વિભાગના કર્મીની ધરપકડ

ગાંધીનગર,તા.૨૭

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનું ચોંકાવનારું કૌભાંડ ખુલ્લું પડ્યા બાદ હોસ્પિટલના તબીબો વગેરે અર્ધો ડઝનથી વધુની ધરપકડ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ કહ્યું કે આરોગ્ય વિભાગના કેટલાંક કર્મચારી રડારમાં હતા. જેમાં પર્યાપ્ત પુરાવા મળતા મિલાપ પટેલ નામના કોન્ટ્રાક્ટ બેઈઝડ કર્મચારીની ગાંધીનગરથી ધરપકડ કરવામાં આવી છે તે ૨૦૧૭થી કોન્ટ્રાક્ટ પર આરોગ્ય વિભાગમાં કામ કરતો હતો. આયુષ્યમાન કાર્ડ 'એપ્રુવ' કરવાનું કામ સંભાળતો હતો.













